dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 131 | AD - 2026, Maha Vad - 14 | Monday, Dt. 16-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## T-20 વર્લ્ડ કપમાં ત્રીજી જીત સાથે ટીમ ઈન્ડિયા સુપર-૮માં ક્વોલિફાય, ગ્રુપ-છમાં ટોચ પર

# T-20 વર્લ્ડ કપમાં ભારતનો પાકિસ્તાન પર ૬૧ રને ઐતિહાસિક વિજય

કોલંબો,તા.૧૫



ટીૃ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં આજે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં ભારતે પાકિસ્તાનને ૬૧ રને કારમી હાર આપીને ફરી એકવાર પાક. પર પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ભારતીય ટીમે દરેક ક્ષેત્રમાં પાકિસ્તાનને માત આપી હતી. મેચમાં પાકિસ્તાને ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતીય ઈનિંગ્સની શરૂઆતમાં અભિષેક શર્મા પ્રથમ ઓવરમાં જ કોઈ રન બનાવ્યા વિના આઉટ થયો હતો.ઓપનર ઈશાન કિશને મેદાનની ચારેબાજુ ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવી હતી. કિશને માત્ર ૪૦ બોલમાં ૭૭ રનની આક્રમક ઈનિંગ રમી હતી, જેમાં તેણે ૨૭ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. મધ્યમ ક્રમમાં સૂર્યકુમાર યાદવ (૩૨ રન) અને શિવમ દુબે(૨૭ રન)ના યોગદાનને કારણે ભારતે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૭૫ રન બનાવ્યા હતા. પાકિસ્તાન સામે ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારતનો આ સર્વોચ્ચ સ્કોર છે. પાકિસ્તાન તરફથી સૈમ અયુબે ૪ ઓવરમાં ૨૫ રન આપી ૩ વિકેટ લીધી. ઉસ્માન તારિક, કેપ્ટન સલમાન અલી આગા અને શાહીન આફ્રિદીએ ૧-૧ વિકેટ મેળવી. જોકે ભારતીય બેટરોની દમદાર બેટિંગ સામે પાકિસ્તાની બોલરો સંપૂર્ણ અસરકારક સાબિત થઈ શક્યા ન હતા.૧૭૬ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં પાકિસ્તાનને શરૂઆતથી જ ઝટકા લાગ્યા અને પહેલી જ ઓવરમાં હાર્દિક પંડ્યાએ સાહિબઝાદા ફરહાનને ઝીરો પર પેવિલિયન પરત મોકલ્યો. ત્યારબાદ જસપ્રીત બુમરાહે પોતાની પહેલી ઓવરમાં બે વિકેટ લઈને પાકિસ્તાનના ટોપ ઓર્ડરને તોડી નાખ્યો હતો. અક્ષર પટેલે પણ અસરકારક બોલિંગ કરતાં બાબર આઝમને ક્લીન બોલ્ડ કર્યો અને પછી ઉસ્માન ખાનને સ્ટમ્પ આઉટ કરાવ્યો. ઉસ્માન ખાને ૪૪ રન બનાવી ટીમને સંઘર્ષમાં રાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ બીજા છેડે વિકેટો પડતી રહી.વરુણ ચક્રવર્તીએ ૧૬મી ઓવરમાં સતત બે બોલ પર અબરાર અહેમદ અને ફહીમ અશરફને આઉટ કરી પાકિસ્તાનની આશાઓ સમાપ્ત કરી દીધી હતી. કુલદીપ યાદવે પણ મહત્વપૂર્ણ વિકેટ મેળવી. હાર્દિક પંડ્યાએ અંતે ઉસ્માન તારિકને બોલ્ડ કરીને મેચ પૂર્ણ કરી હતી. ભારત તરફથી જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી અને હાર્દિક પંડ્યાએ બે-બે વિકેટ મેળવી. પાકિસ્તાનની ટીમ ૧૮ ઓવરમાં ૧૧૪ રનમાં સમેટાઈ ગઈ અને ભારતે ૬૧ રનથી ભવ્ય જીત મેળવી.આ શાનદાર વિજય સાથે ભારતીય ટીમ હવે સત્તાવાર રીતે સુપર-૮ રાઉન્ડ માટે ક્વોલિફાય થઈ ગઈ છે. ગ્રુપ-છ માં ભારતે સતત ત્રણ મેચ જીતીને ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. બીજી તરફ, આ હાર બાદ પાકિસ્તાન માટે આગળની સફર મુશ્કેલ બની ગઈ છે અને તે પોઈન્ટ ટેબલમાં યુએસએથી નીચે ત્રીજા સ્થાને ધકેલાઈ ગયું છે.

### ત્રણ ગુજરાતીઓની સામે પાકિસ્તાન ઘુટણીએ

ભારતની જીતમાં ત્રણ ગુજરાતીઓએ પણ યોગદાન આપ્યું હતુ. જસપ્રીત બુમરા, અક્ષર પટેલ અને હાર્દિક પંડયાએ પાકિસ્તાની બેટ્સમેનોને ઘુટણીએ લાવી દીધુ હતું. હાર્દિક પંડયાએ પાકિસ્તાનની પહેલી અને છેલ્લી વિકેટ લીધી હતી, તો બુમરાએ એક જ ઓવરમાં બે વિકેટ લીધી હતી અને અક્ષર પટેલે પણ બે વિકેટ લીધી હતી. બે વિકેટ વરૂણ ચક્રવતીએ પણ લીધી હતી.

### બન્ને ટીમના કેપ્ટન્સે ફરી હાથ મિલાવ્યો નહીં

ટૉસ દરમિયાન બંને ટીમના કેપ્ટનોએ હાથ મિલાવ્યા ન હતા. ગયા વર્ષે એશિયા કપ દરમિયાન ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા ન હતા. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

### જગ્યા, તારીખ, સમય બદલાય છે પણ પરીણામ તો એજ રહે છે : અમિત શાહ

ભારતે પાકિસ્તાનને વર્લ્ડ કપમાં ૬૧ રને હરાવતા ગૃહ મંત્રીએ ખુશી વ્યક્ત કરી અને ભારતીય ટીમને શુભકામનાઓ પાઠવી હતી અને કહ્યું હતું કે જગ્યા, તારીખ અને સમય બદલાય છે પણ પરીણામ તો એજ રહે છે.

# સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસના મતે ભારત "અત્યંત સફળ" ઉભરતી અર્થવ્યવસ્થા

નવી દિલ્હી, તા. ૧૫




સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસએ ભારતને "અત્યંત સફળ" ઉભરતી અર્થવ્યવસ્થા ગણાવી અને "ઈન્ડિયા-એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬"ના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા. યુએન મુખ્યાલય ખાતે પીટીઆઈ સાથેની મુલાકાતમાં તેમણે કહ્યું કે એઆઈનો વિકાસ માત્ર વિકસિત દેશો સુધી મર્યાદિત ન રહે, પરંતુ ગ્લોબલ સાઉથ સહિત તમામ દેશોને સમાન લાભ મળે.

૧૬થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન યોજાનારી આ સમિટ ગ્લોબલ સાઉથમાં યોજાતી પ્રથમ ઉચ્ચસ્તરીય એઆઈ બેઠક ગણાશે. "લોકો, ગ્રહ અને પ્રગતિ"ના સિદ્ધાંતો આધારિત સમિટમાં જવાબદાર એઆઈ, પારદર્શિતા, ડેટા સુરક્ષા અને સમાનતા જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે. ગુટેરેસે ભારપૂર્વક જણાવ્યું કે ટેક્નોલોજીનો લાભ સર્વત્ર પહોંચે તે માટે આંતરરાષ્ટ્રીય સહકાર આવશ્યક છે.

# ૯ માર્ચે લોકસભા સ્પીકર સામે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન

નવી દિલ્હી, તા. ૧૫



કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુ એ જણાવ્યું છે કે ઓમ બિરલાને પદ પરથી હટાવવાના અવિશ્વાસ પ્રસ્તાવ પર ૯ માર્ચે લોકસભામાં ચર્ચા કરવામાં આવશે અને ત્યારબાદ મતદાન યોજાશે. તેમણે માહિતી આપી કે સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો ૯ માર્ચથી ૨ એપ્રિલ સુધી ચાલશે. રિજિજુએ જણાવ્યું કે નિયમો અનુસાર અવિશ્વાસ પ્રસ્તાવ પર પ્રથમ દિવસે જ ચર્ચા કરવામાં આવે છે અને ચર્ચા પૂર્ણ થયા બાદ મતદાન થાય છે. તેમણે ચેતવણી આપી કે જો વિપક્ષ સત્રના પહેલા તબક્કાની જેમ ગૃહની કાર્યવાહી અવરોધિત કરશે, તો તે તેમના માટે રાજકીય રીતે નુકસાનકારક સાબિત થઈ શકે છે. સંસદનું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિના સંબોધન સાથે શરૂ થયું હતું અને ૧ ફેબ્રુઆરીએ નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ રજૂ કર્યું હતું. બીજા તબક્કા દરમિયાન લોકસભામાં પાંચ મંત્રાલયોની અનુદાન માંગણીઓ પર ચર્ચા થશે, જ્યારે રાજ્યસભામાં પાંચ અન્ય મંત્રાલયોના કાર્ય પર ચર્ચા થશે. સરકારે બીજા તબક્કામાં કેટલાક મહત્વપૂર્ણ બિલ રજૂ કરવાની પણ જાહેરાત કરી છે, જેને કારણે સત્ર રસપ્રદ બનવાની શક્યતા છે.

## પશ્ચિમ બંગાળમાં ચૂંટણી જંગ

# મમતા સરકારને ઘેરવા માટે ભાજપની 'રથયાત્રા' અને ૧૫૦ બેઠકો પર ખાસ નજર

કોલકાતા, તા.૧૫




પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ અને વિપક્ષ ભાજપ સામસામે રણનીતિ ઘડી રહ્યા છે. એક તરફ મમતા બેનર્જી સરકાર 'યુવા સાથી' યોજના હેઠળ બેરોજગાર યુવાનોને માસિક રૂ. ૧,૫૦૦ આપીને પોતાની પકડ મજબૂત કરી રહી છે, તો બીજી તરફ ભાજપે દક્ષિણ બંગાળમાં ભવ્ય રથયાત્રા અને જાહેર સભાઓ દ્વારા સત્તા પરિવર્તનનો હુંકાર કર્યો છે. શનિવારે સોલ્ટ લેક સ્થિત કાર્યાલયમાં ભાજપ કોર કમિટીની બેઠક યોજાઈ હતી, જેમાં ચૂંટણી વ્યૂહરચના પર ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ દક્ષિણ બંગાળના તે તમામ વિસ્તારોમાં રથયાત્રા કાઢશે જ્યાં ૨૦૧૯ની લોકસભા અને ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીનું પ્રદર્શન નોંધપાત્ર રહ્યું હતું. ભાજપ ખાસ કરીને ૧૫૦ વિધાનસભા મતવિસ્તારો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. રથયાત્રાના સમાપન બાદ કોલકાતાના ઐતિહાસિક બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે એક વિશાળ રેલી યોજવાનું પણ આયોજન છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય વક્તા તરીકે હાજરી આપી શકે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ફેબ્રુઆરીના અંતમાં બીએસએફના એક કાર્યક્રમ માટે બંગાળની મુલાકાતે આવનાર છે, જે દરમિયાન તેઓ પક્ષના સંગઠનાત્મક માળખાની સમીક્ષા કરી શકે છે. ચૂંટણીની તારીખો માર્ચના પ્રથમ સપ્તાહમાં જાહેર થવાની શક્યતા છે, તેથી ભાજપ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પણ ઝડપી બનાવી રહ્યું છે. રાજ્ય એકમ દરેક બેઠક માટે ત્રણ સંભવિત નામોની યાદી દિલ્હી હાઈકમાન્ડને મોકલશે, અને માર્ચના બીજા અઠવાડિયાથી તબક્કાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે.

# મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવના હેલિકોપ્ટરે સંતુલન ગુમાવ્યું : મોટી દુર્ઘટના ટળી

ખંડવા, તા.૧૫



મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ શનિવારે ખંડવા જિલ્લાના પંઢણામાં 'લાડલી બહેના' યોજનાના રાજ્ય સ્તરીય કાર્યક્રમમાં સહભાગી થયા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જ્યારે તેમનું હેલિકોપ્ટર ઉડાન ભરી રહ્યું હતું, ત્યારે અચાનક સંતુલન ગુમાવતા હાજર સૌના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. ઉડાન ભરતી વખતે હેલિપેડ પર પુષ્કળ ધૂળ ઉડતા પાયલોટને દ્રશ્યતામાં અવરોધ આવ્યો હતો અને હેલિકોપ્ટર આગળ વધવાને બદલે પાછળની તરફ જવા લાગ્યું હતું. જાહેર બાંધકામ વિભાગ દ્વારા હેલિપેડ પર પૂરતું પાણી ન છાંટવામાં આવ્યું હોવાથી આ સ્થિતિ સર્જાઈ હોવાનું મનાય છે, જે સુરક્ષામાં મોટી ખામી સૂચવે છે. જોકે, પાયલોટે સમયસૂચકતા વાપરી તુરંત સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો અને મુખ્યમંત્રી સુરક્ષિત રીતે ભોપાલ પહોંચ્યા હતા.




# બાંગ્લાદેશમાં વિપક્ષી પાર્ટીને મત આપવા બદલ મહિલા પર સામૂહિક બળાત્કાર

નવી દિલ્હી, તા.૧૫

બાંગ્લાદેશના નોઆખલી જિલ્લામાં લોકશાહીને શરમાવે તેવી સનસનાટીભરી ઘટના સામે આવી છે. હટિયા વિસ્તારમાં ૩૨ વર્ષીય ત્રણ બાળકોની માતા પર માત્ર એટલા માટે સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો કારણ કે તેણે વિપક્ષી 'નેશનલ સિટીઝન પાર્ટી'ને મત આપ્યો હતો. આરોપ છે કે ૧૩ ફેબ્રુઆરીની રાત્રે કેટલાક શખ્સો પીડિતાના ઘરમાં ઘૂસી ગયા હતા અને તેના પતિને દોરડાથી બાંધી તેની નજર સામે જ આ જઘન્ય અપરાધ આચર્યો હતો. જમાત-એ-ઈસ્લામીના અધ્યક્ષ શફીકુર રહેમાને આ ઘટનાની સખત નિંદા કરતા તેને 'રાજકારણ નહીં પણ અરાજકતા' ગણાવી છે. તેમણે પીડિતાના પરિવાર સાથે વાત કરી ન્યાયની ખાતરી આપી છે અને બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (BNP) ના નેતૃત્વને પોતાના સભ્યો પર શિસ્ત જાળવવા અપીલ કરી છે. હાલ પીડિતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૬-૦૨-૨૦૨૬

**રેડિયોના સુવર્ણ યુગનું જીવંત સાક્ષી**

# ચલાલાનું અનોખું રેડિયો મ્યુઝિયમ: નિવૃત્ત શિક્ષકના ઘરે ગુંજે છે ૪૦૦થી વધુ રેડિયો

ચલાલા, તા.૧૫

તાજેતરમાં વિશ્વ રેડિયો દિવસની ઉજવણી થઈ હતી. ચલાલામાં રહેતા ૮૦ વર્ષીય નિવૃત ચિત્રશિક્ષક રેડિયાનો સુવર્ણ યુગના જીવંત સાક્ષી છે. ૮૦ વર્ષીય સુલેમાનભાઈએ તેમના ઘરમાં છ દાયકાનો સંગીતમય ઈતિહાસ સાચવ્યો છે અને તેમના ઘરમાં ૪૦૦થી વધુ રેડિયો છે. લોકો જેમને ભંગાર ગણીને ફેંકી દે છે તેવા રેડિયામાં ચિત્રશિક્ષક પ્રાણ ફૂંકે છે. નિવૃત ચિત્રશિક્ષકના ઘરના દરેક ખૂણેખૂણે સુર અને સંગીત વસે છે.અહીં રેડિયો કાચના શોકેસમાં કેદ નથી, પરંતુ રોજિંદા જીવનનો હિસ્સો છે રસોડાના અભેરાઈ પર, હોલના ખૂણામાં, ગેલેરીની દિવાલો પર અને બેડની બાજુમાં પણ. જો તમે તેને ગણવા બેસો, તો તેની સંખ્યા ૪૦૦ થી પણ વધુ છે. ૮૦ વર્ષીય નિવૃત્ત ચિત્રશિક્ષક સુલેમાન દલનું ઘર એક રહેઠાણ ઓછું અને વિભિન્ન યુગમાં લઈ જતું 'ટાઈમ કેપ્સ્યુલ' વધુ લાગે છે.આ સંગ્રહમાં સાઉન્ડ ટેક્નોલોજીની અનેક પેઢીઓ જોવા મળે છે. જેમાં ત્રણથી ચાર ફૂટ લાંબા જૂના 'વાલ્વ રેડિયો'થી લઈને મોડી રાત્રે આંતરરાષ્ટ્રીય પ્રસારણ પકડી શકતા મલ્ટી-બેન્ડ રિસીવર સુધીના રેડિયો સામેલ છે. કેટલાક સેટમાં ૧૫ થી ૨૬ બેન્ડ છે, જે એ સમયની યાદ અપાવે છે જ્યારે રેડિયોનું ટ્યુનિંગ ફેરવવું એટલે સરહદો ઓળંગવા જેવું લાગતું હતું.સુલેમાનભાઈને ઈલેક્ટ્રોનિક્સ પ્રત્યેનો આકર્ષણ બાળપણથી જ હતું, જે પાછળથી અભ્યાસ દ્વારા વધુ ગાઢ બન્યું. જેને લોકો ભંગાર કે જૂની પુરાણી વસ્તુ સમજીને ફેંકી દે છે, તેમાં સુલેમાનભાઈ ફરી જીવ ફૂંકવાની ક્ષમતા જુએ છે. તેઓ દરેક રેડિયો જાતે રિપેર કરે છે. વર્ષો જતાં આ શોખ વધતો ગયો અને આજે લોકો તેમના ઘરને રેડિયો મ્યુઝિયમ તરીકે ઓળખે છે.આ સંગ્રહની સૌથી અમૂલ્ય વસ્તુ એક રેડિયો લાયસન્સ બુક છે. જ્યારે રેડિયો રાખવા માટે સરકારની મંજૂરી લેવી પડતી હતી તેની યાદગીરી પણ તેમની પાસે છે. જે રેડિયો ક્યારેક કેટલો દુર્લભ અને શક્તિશાળી હતો તેમજ ગામડાઓને દેશ સાથે અને પરિવારોને ઈતિહાસ સાથે જોડતો હતો તેની સાક્ષી પુરે છે.

**મુંબઈથી પણ લોકો આવે છે મુલાકાતે**

આ અનોખા સંગ્રહની ચર્ચા હવે ચલાલાની બહાર પણ થઈ રહી છે. મુંબઈ, અમદાવાદ અને રાજકોટ જેવા શહેરોમાંથી લોકો આ મ્યુઝિયમ જોવા આવે છે. મુલાકાતીઓ માત્ર મશીનો જ નહીં, પણ ૮૦ વર્ષની ઉંમરે પણ સુલેમાનભાઈની શિસ્ત, ધીરજ અને ઉત્સાહ જોઈને દંગ રહી જાય છે.

**પુત્રો પણ કરે છે આ કામમાં મદદ**

આ મ્યુઝિયમ પાછળ તેમના પરિવારનો પણ મોટો સહયોગ છે. સુલેમાનભાઈના ચારેય પુત્રો આ પ્રયાસમાં મદદ કરે છે, જેમાં તેમનો સૌથી નાનો પુત્ર મુનવ્વર દલ આ સંગ્રહની જાળવણી અને વ્યવસ્થાપનમાં જોડાયેલો છે. આ પરિવાર સાથે મળીને ભૂતકાળનો અવાજ ભવિષ્યમાં પણ ગુંજતો રહે તેવો પ્રયાસ કરી રહ્યા છે.

# રાજુલાના મોભીયાણા ગામે વરઘોડા દરમિયાન અથડામણ: એક યુવકને ગંભીર ઈજા

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં લગ્ન પ્રસંગ દરમિયાન વરઘોડા સમયે પથ્થરમારાની ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ યુવક અને યુવતીએ પ્રેમલગ્ન કર્યા બાદ ધામધૂમથી વરઘોડો કાઢતા આ ઘટના બની હોવાનું જાણવા મળે છે. રાજુલા તાલુકાના મોભીયાણા ગામમાં લગ્ન પ્રસંગ દરમિયાન વરઘોડો કાઢવામાં આવી રહ્યો હતો. આ દરમિયાન યુવતીના કેટલાક પરિવારજનોએ અચાનક હુમલો કરી પથ્થરમારો કર્યો હતો. જેના કારણે બંને પક્ષ વચ્ચે મારામારી સર્જાઈ હતી. એક જ જ્ઞાતિના બે જૂથ વચ્ચે થયેલી આ અથડામણથી ગામમાં તણાવપૂર્ણ માહોલ ઉભો થયો હતો. માહિતી મુજબ યુવક-યુવતીએ થોડા દિવસો અગાઉ પ્રેમલગ્ન કર્યા હતા. બાદમાં યુવકે ધામધૂમપૂર્વક વરઘોડો કાઢતાં કેટલાક લોકોમાં રોષ ફેલાયો હતો. તેના પગલે પરસ્પર પથ્થરમારો અને ઝપાઝપી થઈ હતી. આ ઘટનામાં ભાવેશ ભીલ નામના યુવકને પથ્થર વાગતાં ગંભીર ઈજા પહોંચી હતી. તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં ડુગર પોલીસ સ્ટેશનની ટીમ સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# સા.કુંડલામાં બ્રહ્માકુમારીઝ દ્વારા ૯૦મી ત્રિમૂર્તિ શિવ જયંતીની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૧૫



મહાશિવરાત્રીના પવિત્ર અવસર પર સાવરકુંડલા ખાતે આવેલ શ્રીકૃષ્ણ ગૌશાળામાં બ્રહ્મકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા ૯૦મી ત્રિમૂર્તિ શિવ જયંતીની ભવ્ય અને ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સવારે ૮:૩૦ વાગ્યે શિવ ધ્વજારોહણથી કરવામાં આવી હતી. ધ્વજારોહણ વિધિ ધારાસભ્ય મહેશ કસવાલા અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના હસ્તે સંપન્ન થઈ હતી. કપોળ કન્યા છાત્રાલયની બહેનો પણ વિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમમાં ઉત્સાહ ઉમેર્યો હતો. આ પ્રસંગે બીલીપત્રથી નિર્મિત શિવલિંગના દર્શન, શાંતિ અનુભૂતિ કક્ષ, વેલ્યુ ગેમ્સ તેમજ પરમાત્માના સત્ય પરિચયને રજૂ કરતી આધ્યાત્મિક પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સમઢીયાળા અને માવજીંજવા ગામે ગ્રામસભા યોજાઈ

અમરેલી, તા.૧૫



અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના સમઢીયાળા અને માવજીંજવા ગામમાં 'ગીરગંગા પરિવાર ટ્રસ્ટ' દ્વારા વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભાનો મુખ્ય ઉદ્દેશ્ય વરસાદી પાણીના સંગ્રહ અને જતન દ્વારા ગ્રામ્ય અર્થવ્યવસ્થાને નવી ઊંચાઈએ લઈ જવાનો હતો. ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ શ્રી દિલીપભાઈ સખીયાએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે, ખેતી અને ગ્રામ્ય અર્થતંત્રનો ખરો આધાર જળસંચય પર ટકેલો છે. ટ્રસ્ટ દ્વારા લોકભાગીદારીથી ચેકડેમ ઊંડા ઉતારવા, ખેત તલાવડીઓ બનાવવી અને બોર રિચાર્જ જેવા મહત્વના કાર્યો કરવામાં આવી રહ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, "જો આપણે વરસાદી પાણીને ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રોકી શકીશું, તો જ ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવશે." જળસંગ્રહ એ માત્ર આજની જરૂરિયાત નથી, પરંતુ આવનારી પેઢીને સુખી અને સંપન્ન બનાવવાનું એક ભગીરથ અભિયાન છે. સભામાં પાણીના એક-એક ટીપાની કિંમત સમજાવીને જમીનમાં ઉતારવાની વિવિધ પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમઢીયાળાના સરપંચ જીવરાજભાઈ ગઢિયા, માવજીંજવાના સરપંચ મહેશભાઈ શભારીયા સહિત અનેક અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ ટ્રસ્ટની કામગીરીને બિરદાવી હતી અને જળસંચયના આ સેવાકાર્યમાં પૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી.

# બગસરામાં મહાશિવરાત્રી નિમિત્તે ભવ્ય ત્રિપાલખી શોભાયાત્રા નીકળી

બગસરા,તા.૧૫



બગસરામાં મહાશિવરાત્રીના પાવન પ્રસંગે હિન્દુ સમાજ અને સનાતન ગ્રુપ દ્વારા ત્રિપાલખી શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રામાં ખૂબ જ મોટી સંખ્યામાં હિન્દુ સમાજ જોડાયો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ હિન્દુ સમાજ અને સનાતન ગ્રુપ દ્વારા ભવ્ય ત્રિપાલખી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બપોરના ત્રણ કલાકે રત્નેશ્વર મહાદેવના મંદિરથી નીકળેલી આ શોભાયાત્રા બગેશ્વર મંદિર થઈ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. આ શોભાયાત્રામાં ઢોલ નગારા અને ડમરુના તાલે ભાવિકો ઝૂમી ઊઠ્યા હતા અને હર હર મહાદેવના અવાજથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. આ શોભાયાત્રા વાંઝા જ્ઞાતિના પાર્ટી પ્લોટમાં સમાપન પૂર્વે ભસ્મ આરતી કરવામાં આવી હતી. આ ભસ્મ આરતીમાં બગસરા શહેર તેમજ આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા.

# બાબરકોટની પ્રાથમિક શાળામાં પોલીસ દ્વારા બાળ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

જાફરાબાદ, તા.૧૫



જાફરાબાદના બાબરકોટની પ્રાથમિક શાળામાં 'મિશન સ્માઈલ' અંતર્ગત જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં બાળકો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બાળકોને સુરક્ષિત સ્પર્શ, અસુરક્ષિત સ્પર્શ અને જાતીય શોષણ સામે સાવચેત રહેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમરેલી જિલ્લાના પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા સાવરકુંડલા વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીએ બાળકોને માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન બાબરકોટ પ્રાથમિક શાળા અને જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના સંયુક્ત પ્રયાસોથી કરવામાં આવ્યું હતું.

# લુહાર સમાજ દ્વારા જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાનું સન્માન કરાયું

બાબરા, તા.૧૫



બાબરાના વતની અને તાજેતરમાં અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ તરીકે વરણી પામેલા મુકેશભાઈ ખોખરીયાના સન્માનાર્થે લુહાર સમાજ તથા સીતારામ ધૂન મંડળ અમરાપરા દ્વારા ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. લુહાર જ્ઞાતિની વાડી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બાબરા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી સમાજના સભ્યો અને સીતારામ ધૂન મંડળના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમારોહ દરમિયાન જ્ઞાતિના પ્રમુખ નટુભાઈ મકવાણા, ઉપપ્રમુખ પ્રવીણભાઈ સિદ્ધપુરા તથા સીતારામ ધૂન મંડળના પ્રમુખ ધીરુભાઈ સતાણી સહિત આગેવાનો દ્વારા મુકેશભાઈને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# જામ બરવાળાની વી.એન. પટેલ કલ્યાણ વિદ્યાલયમાં ટ્રસ્ટીઓ દ્વારા શાળાને ભેટ અર્પણ

અમરેલી, તા.૧૫



વી.એન. કથીરિયા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વી.એન. પટેલ કલ્યાણ વિદ્યાલય, જામ બરવાળા ખાતે શાળાના ટ્રસ્ટીઓ દ્વારા શાળા અને વિદ્યાર્થીઓને ઉપયોગી ભેટો અર્પણ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, શાળાના ટ્રસ્ટી ગોરધનભાઈ રણછોડભાઈ આસોદરીયા દ્વારા શાળાને રૂ.૨,૫૦,૦૦૦ના ખર્ચે ૬ કિલોવોટની સોલાર પેનલ લગાવી આપવામાં આવી છે. ઉપરાંત અન્ય ટ્રસ્ટી નિકેશભાઈ કરશનભાઈ નાકરાણી દ્વારા રૂ.૨,૫૦,૦૦૦ની કિંમતના ફૂલસ્કેપ બુકના ચોપડાઓ શાળાના દરેક વિદ્યાર્થીને એક ડઝન મુજબ વિનામૂલ્યે આપવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે શાળાના ટ્રસ્ટીઓ અને ગામના અગ્રણીઓ દ્વારા સમયાંતરે વિદ્યાર્થીઓને ઉપયોગી ભેટો અર્પણ કરી શાળાને ઉર્જાવાન અને પ્રેરણાદાયક બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દાતાઓના આ કાર્ય બદલ ટ્રસ્ટના પ્રમુખ મનસુખભાઈ પલસાણા તથા શાળાના સ્ટાફ પરિવાર અને ગ્રામજનો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાજુલા-જાફરાબાદ પંથકમાં અનેક એસટી રૂટ બંધ થતા મુસાફરો પરેશાન

**ધારાસભ્ય દ્વારા લીલી ઝંડી છતાં બસ સેવા સ્થગિત, ગ્રામ્ય વિદ્યાર્થીઓ અને વેપારીઓ પર પ્રતિકૂળ અસર**

રાજુલા,તા.૧૫

રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં એસટી બસોના વારંવાર બંધ થતા રૂટોને લઈને પ્રજામાં આક્રોશ વ્યાપી રહ્યો છે. રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી દ્વારા નવી બસોની ફાળવણી તથા રૂટ પુનઃશરૂ કરવાની સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં, સ્થાનિક ડેપો સ્તરે અમલ ન થતો હોવાની ફરિયાદ ઉઠી છે. ધારાસભ્ય હિરાભાઈ સોલંકી દ્વારા રાજુલા-ભાવનગર અને રાજુલા-જૂનાગઢ રૂટને પ્રારંભ કરાવવામાં આવ્યા હતા, પરંતુ થોડી જ દિવસોમાં બસો સ્થગિત કરવામાં આવી.


તસવીર : ગોપાલ રાઠોડ

ડ્રાઈવર અને કંડક્ટરની અછત, મેળા વ્યવસ્થા અને માર્ગોની સ્થિતિ જેવા કારણો દર્શાવી રૂટ બંધ રાખવામાં આવે છે. પરિણામે ૩૦થી વધુ ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓના અભ્યાસ અને વેપાર પ્રવાહ પર અસર પડી રહી છે. ચેમ્બર ઓફ કોમર્સે રજૂઆતો કર્યા છતાં સમસ્યા યથાવત રહેતા લોકમાં નિરાશા ફેલાઈ છે.

# રાજુલા પોલીસે ચોરી કે છળકપટથી મેળવેલ મોટરસાયકલ સાથે ગુનાહિત ઈતિહાસ ધરાવતા બે શખ્સોને ઝડપી પાડ્યા

રાજુલા, તા.૧૫

રાજુલા પોલીસે ટાઉન વિસ્તારમાં વાહન ચેકિંગ દરમિયાન ગુનાહિત ઈતિહાસ ધરાવતા બે ઈસમોને ચોરી અથવા છળકપટથી મેળવેલ મોટરસાયકલ સાથે ઝડપી પાડ્યા છે. સાવરકુંડલા ડિવિઝનના ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના માર્ગદર્શન અને રાજુલા પી.આઈ. વી.એમ. કોલાદરાની સૂચના હેઠળ પોલીસ સ્ટાફ વાહન ચેકિંગમાં વ્યસ્ત હતો. તે દરમિયાન બે ઈસમો કાળા રંગની સ્પ્લેન્ડર મોટરસાયકલ સાથે પસાર થતાં તેમને રોકી આર. સી. બુક તથા આર. ટી.ઓ. સંબંધિત દસ્તાવેજોની માંગ કરવામાં આવી હતી. બન્ને ઈસમો પાસે જરૂરી દસ્તાવેજો ન હોવાથી પ્રાથમિક તપાસમાં મોટરસાયકલ ચોરી કે છળકપટથી મેળવેલ હોવાનો સંદેહ ઉભો થયો હતો. પોલીસે બંનેની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા આરોપીઓમાં જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામના (૧) લાલજીભાઈ ચોથાભાઈ સોલંકી (ઉંમર ૩૪ વર્ષ) અને (૨) મનુભાઈ નાથાભાઈ મકવાણા (ઉંમર ૩૨ વર્ષ)નો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી શક પડતી મિલકત તરીકે રૂ. ૧૦,૦૦૦ કિંમતની કાળા રંગની સ્પ્લેન્ડર મોટરસાયકલ કબજે કરી છે.



# જાફરાબાદના વઢેરા નજીકના સરકેશ્વર મહાદેવ મંદિરમાં શિવરાત્રીએ પૂજા

જાફરાબાદ, તા.૧૫

જાફરાબાદના દરિયા કિનારે આવેલ પર્યટન સ્થળ સરકેશ્વર મહાદેવ મંદિરે શિવરાત્રીના પાવન દિવસે વઢેરા-બલાણા ગ્રામજનો દ્વારા બરફની વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ભગવાન શિવ, માતા પાર્વતી, શ્રી ગણેશજી અને કાર્તિકેયની બરફમાંથી મૂર્તિઓ બનાવી 'બરફીલા બાબા'ની ભવ્ય પૂજા કરવામાં આવી હતી. ઉપરાંત ભક્તો માટે ભાંગ પ્રસાદીનું


તસવીર : બાબુભાઈ વાઢેળ

આયોજન પણ કરવામાં આવ્યું હતું. જાફરાબાદના વિવિધ શિવાલયો ખાતે વહેલી સવારથી જ ભક્તોની ભીડ જોવા મળી હતી. આ મંદિર અતિ પૌરાણિક અને સ્વયંભૂ પ્રગટ થયેલ મહાદેવનું મંદિર હોવાનું માનવામાં આવે છે.

# અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ તરીકે મુકેશભાઈ ખોખરીયાની નિમણૂક

બાબરા, તા. ૧૫

ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. બાબરા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાને અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. પક્ષ દ્વારા તેમની સંગઠનક્ષમતા અને નિષ્ઠાને માન આપી આ જવાબદારી સોંપવામાં આવી હતી. મુકેશભાઈ ખોખરીયાએ પોતાના કાર્યકાળ દરમિયાન બાબરા શહેર ભાજપને સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સર્વજ્ઞાતિ અને સર્વવર્ગને સાથે રાખીને કાર્ય કરવાની તેમની કાર્યપદ્ધતિ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની જનહિતકારી યોજનાઓને



ગામડે અને છેવાડાના લોકો સુધી પહોંચાડવા માટેની તેમની લાગણીશીલતા પક્ષના નેતૃત્વ દ્વારા પ્રશંસનીય માનવામાં આવી છે.તેમની આ નિમણૂકને બાબરા શહેર ભાજપ અને તાલુકા ભાજપ પ્રમુખ તથા નગરપાલિકા પ્રમુખ, જિલ્લા પંચાયતના આગેવાનો, તાલુકા ભાજપના હોદ્દેદારો, વેપારી મંડળો તથા વિવિધ સામાજિક સંસ્થાઓએ વધાવી લીધી છે.

મુકેશભાઈના નેતૃત્વ હેઠળ અમરેલી જિલ્લામાં કિસાન મોરચાની કામગીરીને નવી દિશા અને ગતિ મળશે.

# મહાશિવરાત્રી પર્વે સાવરકુંડલા બન્યું શિવમય: શિવાલયોમાં ઉમટી ભક્તોની ભારે ભીડ

સાવરકુંડલા, તા.૧૫

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે સમગ્ર સાવરકુંડલા શહેર શિવમય બની ગયું હતું.


તસવીર : સૌરભ દોશી

શહેરના વિવિધ શિવાલયોમાં ભક્તોની મોટી ભીડ ઉમટી પડી હતી અને શ્રદ્ધાળુઓએ ભગવાન શંકરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સાવરકુંડલાના પ્રખ્યાત રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિર, ઓમકારેશ્વર મહાદેવ મંદિર, કલ્યાણેશ્વર મહાદેવ મંદિર, મુક્તેશ્વર મહાદેવ મંદિર અને જશોનાથ મહાદેવ મંદિર સહિતના તમામ શિવાલયોમાં 'હર હર મહાદેવ'ના જયઘોષથી માહોલ ગુંજી ઉઠ્યો હતો.

**દામનગર પંથકની ચોંકાવનારી ઘટના**

# 'તું ચાલુ વીડિયો કોલમાં તારા કપડાં કાઢી નાખ' કહી મંગતરે રેકોર્ડિંગ કરીને વીડિયો વાયરલ કર્યો

**ઉમરાળા તાલુકાના લીમડા (હનુભા)ના યુવક સામે ફરિયાદ**

દામનગર, તા.૧૫

દામનગર પંથકમાં સગાઈના સંબંધને કલંકિત કરતી એક શરમજનક ઘટના સામે આવી છે. જેમાં એક શખ્સે પોતાની મંગેતરને જાનથી મારી નાખવાની અને સગાઈ તોડી નાખવાની ધમકી આપી વીડિયો કોલ પર કપડાં ઉતરાવી, તેનું રેકોર્ડિંગ કરી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યું હતું. આ મામલે પીડિતાએ ભાવનગરના ઉમરાળા તાલુકાના લીમડા (હનુભા) ગામના રવીન ઉર્ફે રવિ દિનેશભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ, આરોપી અને પીડિતાની સગાઈ થયેલી હતી. સગાઈ બાદ વાતચીત દરમિયાન આરોપીએ ફરિયાદી યુવતીને વીડિયો કોલ કર્યો હતો અને ચાલુ કોલ પર કપડાં કાઢવા માટે દબાણ કર્યું હતું. યુવતીએ આવું કરવાની સ્પષ્ટ ના પાડતા આરોપીએ પોતાનો અસલી ચહેરો બતાવ્યો હતો. તેણે યુવતીને બિભત્સ ગાળો આપી, તેના પરિવારને જાનથી મારી નાખવાની અને સગાઈ તોડી નાખવાની ધમકી આપી હતી.

આરોપીએ તેની મંગેતરને માનસિક રીતે ટોર્ચર અને ઈમોશનલ બ્લેકમેલ કરી હતી. ડર અને દબાણમાં આવીને યુવતીએ વીડિયો કોલ દરમિયાન ડ્રેસ કાઢી અંગ પ્રદર્શન કર્યું હતું. નરાધમ આરોપીએ આ દ્રશ્યોનું ચુપકેથી સ્ક્રીન રેકોર્ડિંગ કરી લીધું હતું. સંબંધની મર્યાદા ઓળંગીને આરોપીએ આ ખાનગી વીડિયો કોલનું રેકોર્ડિંગ ઈન્સ્ટાગ્રામ જેવી એપ્લિકેશન પર જાહેર કરી દીધું હતું. આ કૃત્ય દ્વારા તેણે યુવતીની મર્યાદા ભંગ કરી તેને સમાજમાં બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. દામનગર પોલીસ સ્ટેશનના પી આઈ સી.એન.દવે વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદના મીઠાપુર ગામે દિકરી સાથે સબંધ ન રાખવાનું કહેતા પિતાને ઢીકાપાટુ માર્યા

**બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

જાફરાબાદ, તા.૧૫

જાફરાબાદના મીઠાપુર ગામે પોતાની દીકરી સાથે સંબંધ રાખવાની ના પાડતા પિતા પર પ્રેમી અને તેના સાથીદારોએ લાકડીઓ અને ઢીંકાપાટુ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. ભીમાભાઈ રામજીભાઈ ગુજરીયા (ઉ.વ.૪૮)એ સોમાતભાઈ ખોડાભાઈ શિયાળ, ચીંથરભાઈ ખોડાભાઈ શિયાળ તથા મણીબેન ખોડાભાઈ શિયાળ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની દીકરી કિરણબેનને સોમાતભાઈ શિયાળ સાથે પ્રેમ સંબંધ હતો. આ સંબંધના કારણે દીકરી તેના પરિવારથી અલગ રહેતી હતી અને પિતાનું કહેવું માનતી ન હતી. પોતાની દીકરીનું ઘર ન બગડે તે હેતુથી પિતાએ અવારનવાર આરોપીને સમજાવ્યો હતો કે તે તેની દીકરી સાથે કોઈ સંબંધ ન રાખે. તેમની આ સમજાવટની દાઝ રાખીને આરોપીએ બિભત્સ ગાળો આપી લાકડી વડે હિંસક હુમલો કર્યો હતો.

આ હુમલામાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ટાંકા આવ્યા છે અને શરીરે અન્ય મુંઢ ઈજાઓ પણ થઈ છે. આરોપીઓએ તેમને ઢીંકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ સોમાતભાઈ ખોડાભાઈ શિયાળ (ઉ.વ.૪૫)એ ભીમાભાઈ રામજીભાઈ ગુજરીયા તથા રામુબેન ભીમાભાઈ ગુજરીયા સામે વળતી ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી ભીમાભાઈ રામજીભાઈ ગુજરીયા તથા આરોપી રામુબેન તેમના ઘર આગળથી હાથમા લાકડી લઈને ગાળો બોલતા-બોલતા નિકળતા સાહેદ-મણીબેન તથા ચીંથરભાઈએ ગાળો બોલવાની ના પાડી હતી. જેથી તેમને સારૂ નહિ લાગતા આરોપી ભીમાભાઈ ગુજરીયાએ તેમની તથા સાહેદ સાથે ઝગડો કરી ગાળો આપી હતી. તેમજ સાહેદ મણીબનને ડાબા હાથે તથા સાહેદ ચીંથરભાઈને જમણા હાથે લાકડીથી માર મારી મુંઢ ઈજાઓ કરી, મારી નાખવાની ધમકી આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી એન પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**વીજપડી**

શ્રી સ્વ. ભીખાલાલ જગજીવનભાઈ નગદીયાનું તા.૧૧/૦૨/૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે. તે સ્વજયંતીભાઈ ત્રંબકભાઈ તથા પ્રકાશભાઈ નગદીયાના મોટાભાઈ તથા જયશ્રીબેન ભુપેન્દ્રભાઈ ઠક્કર તથા આરતીબેન હિતેશભાઈ શિંગાળા તથા રીનાબેન સંજય કુમાર તન્ના તથા તુષારભાઈ નગદીયાના પિતાશ્રી અને નિશાબેન તુષારભાઈ નગદીયાના સસરા તેમજ વિશેષ તુષારભાઈ નગદીયાના દાદા, રામજીભાઈ કલ્યાણજીભાઈ ચંદારાણાના જમાઈ(ચલાળા વાળા) થાય છે. બેસણું તા.૧૬/૦૨/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૩:૩૦થી ૭:૩૦ સમયે આહિર સમાજની વાડી, નવરાત્રી ચોક વીજપડી ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

કમળાબેન વલ્લભભાઈ મકવાણા (ઉં.વ.૮૪) તે દિપકભાઈ વલ્લભભાઈ મકવાણા તથા પ્રભુભાઈ વલ્લભભાઈ મકવાણા તથા ભરતભાઈ વલ્લભભાઈ મકવાણાના માતૃશ્રીનું તા.૧૪/૨/૨૬ ને શનિવાર ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમની સદગતની સાદડી તા.૧૬/૨/૨૬ ને સોમવાર ને સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને વલ્લભભાઈ ત્રિકમભાઈ મકવાણા ' રામેશ્વર ' નંદીગ્રામ સોસાયટી મેઈન જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

જનકબા બળવંતસિંહ રાઠોડ (ઉં.વ.૬૬) તે રઘુવીરસિંહ બળવંતસિંહ રાઠોડના માતૃશ્રીનું તા.૧૨/૨/૨૬ ને ગુરુવાર ના રોજ દુઃખદ અવસાન થયેલું છે. તેમનું સદગતનુ બેસણું તા.૧૬/૨/૨૬ ને સોમવાર ના રોજ સવારે ૧૦ થી સાંજ ના ૬ સુધી અમારા નિવાસસ્થાને હોથીભાઈ ની શેરી "નીલકંઠ" સાવરકુંડલા ખાતે રાખેલ છે.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો



ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

TET / TAT / CCE
કોન્સ્ટેબલ / PSI
સ્પોકન ઈંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧



BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય



કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## ધામેલપરા ગ્રામપંચાયત તા.લાઠી, જી.અમરેલી.

**જાહેર હરરાજી અંગેની નિવિદા**

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના ધામેલપરા ગામે ગ્રામપંચાયત કચેરી - ધામેલપરા દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્ક્યામતનાં ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્ક્યામતની જે તે સ્થીતીમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે. જેથી જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. હરરાજીમાં ભાગ લેનારે હરરાજી સમયે રૂા. ૧૦૦૦/- રકમ સ્થળ ઉપર જમા કરાવવાની રહેશે.

| ક્રમ | અસ્ક્યામત અને ઈમલાની વિગત | જાહેર હરરાજીની તારીખ | જાહેર હરરાજીનો સમય | નક્કી થયેલી અપસેટ કિંમત | જાહેર હરરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | જર્જરિત આંગણવાડી કેન્દ્ર નં.૯૧ (ધામેલપરા) | ૧૭/૦૨/૨૦૨૬ | ૦૧-૦૦ કલાકે બપોરે | ૧૨૦૦૦/- | ગ્રામ પંચાયત કચેરી ધામેલપરા |

જાહેર હરરાજીની શરતો, બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોક્ત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

તલાટી કમ મંત્રીશ્રી, ધામેલપરા ગ્રામ પંચાયત
સરપંચશ્રી, ધામેલપરા ગ્રામ પંચાયત

# જાફરાબાદના ફાચરિયા ગામના ખેડૂતને વિશ્વાસમાં લઈ સોનીએ દાગીના અને રોકડ મળી કુલ રૂ.૩૯.૪૩ લાખની છેતરપિંડી આચરી

જાફરાબાદ, તા. ૧૫

જાફરાબાદના ફાચરિયા ગામના ખેડૂતને વિશ્વાસમાં લઈ સોનીએ દાગીના અને રોકડ મળી કુલ રૂ.૩૯.૪૩ લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે જાફરાબાદના ફાચરિયા ગામના જાદવભાઈ લીંબાભાઈ ગોંડલીયા (ઉ.વ.૫૮) એ ખાંભામાં રહેતા હિરેનભાઈ ઉર્ફે ચકુ ત્રિભોવનભાઈ સલ્લા (સોની) સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ તેમને વિશ્વાસમાં લઈ તેમની પાસેથી એક જોડ સોનાની બંગડી, એક જોડી સોનાના પાટલા અને પાંચ સોનાની વીંટી સહિત કુલ રૂ. ૧૩,૦૦,૦૦૦ ની કિંમતનું સોનું મેળવ્યું હતું. આરોપીએ આ સોનાના બદલામાં દાગીના કે રૂપિયા પરત આપવાનું વચન આપ્યું હતું, પરંતુ તે આપ્યા ન હતા. આરોપીએ માત્ર તેમની જ નહીં, પરંતુ અન્ય સાક્ષીઓ પાસેથી પણ અલગ-અલગ સમયે નવા દાગીના બનાવવાના બહાને કુલ રૂ. ૧૨,૭૪,૭૫૦ ની રોકડ એડવાન્સ પેટે વસૂલી હતી. આટલી મોટી રકમ લીધા બાદ તેણે દાગીના બનાવી આપ્યા ન હતા અને રૂપિયા પણ પરત કર્યા ન હતા. વધુમાં, આરોપીએ સાક્ષીઓ પાસેથી રૂ. ૧૩,૬૮,૪૦૦ ની કિંમતના સોનાના જૂના ઘરેણાં અને ચાંદીનો ભંગાર પણ પડાવી લીધો હતો. આમ, કુલ મળીને રૂ. ૩૯.૪૩ લાખ થી વધુની મત્તા આરોપીએ ઈરાદાપૂર્વક અને બદદાનતથી હડપ કરી લીધી હતી.

પોલીસે આ મામલે ગુનો નોંધીને આરોપીને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી. એમ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની અભરામપરા પ્રાથમિક શાળામાં બાળકોને ટિફિન અને પાણીની બોટલનું વિતરણ

સાવરકુંડલા, તા.૧૫


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા તાલુકાના અભરામપરા ગામની અભરામપરા પ્રાથમિક શાળામાં બાળકોને ટિફિન અને પાણીની બોટલ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. શાળાના શિક્ષક દેવેનભાઈના મિત્ર તથા સુરતના બિલ્ડર મનીષભાઈ કોટડીયા દ્વારા દરેક બાળકને ટિફિન અને પાણીની બોટલ ભેટરૂપે આપી આનંદિત કરવામાં આવ્યા હતા. આ સેવાકીય યજ્ઞમાં જોડાઈ મનીષભાઈ કોટડીયાએ "બાળક એ ઈશ્વરનું સ્વરૂપ છે" તે પંક્તિને સાર્થક કરી હતી. બાળકો પ્રત્યેની તેમની નિઃસ્વાર્થ ભાવના અને લાગણીને શાળા પરિવારે બિરદાવી હતી.બાળકો માટેના આ સેવાકીય કાર્યમાં સહભાગી બનવા બદલ શાળાના આચાર્ય મુકેશભાઈ સુખડિયા તથા સમગ્ર શાળા પરિવારે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે બાળકો તેમજ શાળા પરિવારે વિદ્યાની દેવી મા સરસ્વતીની પ્રાર્થના કરી કે દાતા ધંધામાં વધુ પ્રગતિ કરે અને તેમને નિરોગી આયુષ્ય પ્રાપ્ત થાય.

# રાજુલાના જુની બારપટોળી ગામે ઉઘરાણી મામલે બ્લેડથી હુમલો કરી જાનથી મારવાની ધમકી આપી

રાજુલા, તા.૧૫

રાજુલાના જુની બારપટોળી ગામે ઉઘરાણી મામલે બ્લેડથી હુમલો કરી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. ભીખાભાઈ ખોડાભાઈ જીતીયાએ જયસુખ ભીખાભાઈ જીતીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે,તેઓ તથા તેમનો પરીવાર ગત સાંજના આશરે નવેક વાગ્યાના અરસામાં જુની બારપટોળી ગામે ઘરે હાજર હતા. તે દરમ્યાન આરોપી આવ્યો હતોઅને આવતા જ તેમની પાસે રૂપિયા માંગ્યા હતા. જે રૂપિયા તેમણે આપવાની ના પાડતા જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા તેમજ શરીરે ઢીકાપાટુનો મુઢમાર માર્યો હતો. ડાબા હાથની ટચલી આંગળીના ભાગે બ્લેડ મારી ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજસ્થળી ગ્રામ પંચાયતની નવી પહેલ: લગ્નના દિવસે જ મંડપમાં નવદંપતીને અપાયું મેરેજ સર્ટિફિકેટ

અમરેલી, તા.૧૫



રાજસ્થળી ગ્રામ પંચાયત દ્વારા એક નવી અને પ્રેરણાદાયક પહેલ હાથ ધરવામાં આવી છે, જેના અંતર્ગત રાજસ્થળી ગામે લગ્નના દિવસે જ લગ્ન નોંધણી પૂર્ણ કરી મંડપમાં જ નવદંપતીને મેરેજ સર્ટિફિકેટ (લગ્ન નોંધણી પ્રમાણપત્ર) આપવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતના સભ્ય કૈલાસબેન ગુણવંતભાઈ સાવલિયાની દીકરી ચિ. શર્મિલાબેનના લગ્ન પ્રસંગે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. લગ્નના દિવસે જ સાક્ષીઓ, ગોર મહારાજ, નવદંપતી તેમજ તેમના માતા-પિતાની સહી અને જરૂરી દસ્તાવેજો મેળવી ચકાસણી (વેરિફિકેશન) કરવામાં આવી હતી. તમામ ધાર્મિક તથા વહીવટી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ સરપંચ ગણપતભાઈ સેંજલિયા અને તલાટી-કમ-મંત્રી દેવયાનીબેન પરમાર દ્વારા મંડપમાં જ મેરેજ સર્ટિફિકેટ અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખોડલધામ પરિવાર, અમરેલી દ્વારા નવદંપતીને શ્રી યંત્ર અર્પણ કરી ખેસ પહેરાવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# જાફરાબાદના લુણસાપુર ગામે કૂવામાં જનરેટરનો કેબલ નાખવાની ના પાડતાં ધમકી આપી

**જાફરાબાદ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

જાફરાબાદ, તા. ૧૫

જાફરાબાદના લુણસાપુર ગામે કૂવામાં જનરેટરનો કેબલ નાખવાની ના પાડતાં ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે નરસિંહભાઈ રણછોડભાઈ મકવાણા (ઉ.વ.૨૯)એ ચીથરભાઈ કાનાભાઈ મકવાણા તથા બાલુભાઈ કાનાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમણે આરોપીઓને તેમની વાડીના કૂવામાં જનરેટરનો કેબલ નાંખવાની ના પાડતાં ધોલ ધપાટ તથા ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એ. બી. બારૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાઢડાની એચ. એન. વિરાણી હાઈસ્કૂલમાં બોર્ડની પરીક્ષા એક પર્વ વિષયક સેમિનાર યોજાયો

સાવરકુંડલા,તા.૧૫



બાઢડાની એચ એન વિરાણી હાઈસ્કૂલમાં ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા તથા પરીક્ષાનો ડર દૂર કરવા માટેનો એક દિવસીય સેમિનાર યોજાયો હતો. જેના વક્તા અશોક ગુર્જર હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી, જે સંસ્થાના પ્રમુખ અને સાવરકુંડલા-લીલીયાના પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વિરાણી દ્વારા કરવામાં આવ્યું હતું. મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળાના આચાર્ય ડો. મધુકરભાઈ બગડાએ કર્યું હતું. ધોરણ ૧૦-૧૨માં ગત વર્ષે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા અને સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રસિદ્ધિ પામેલા વિદ્યાર્થીઓનું શિલ્ડ અને પ્રમાણપત્ર આપીને સન્માન કરાયું હતું.

# ભુરખિયા હનુમાનજી મંદિર ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ લાઠીની કારોબારી બેઠક મળી

**જિલ્લા હોદ્દેદારોની ઉપસ્થિતિમાં નવી ટીમની બિનહરીફ વરણી**

અમરેલી,તા.૧૫



લાઠી તાલુકામાં પવિત્ર યાત્રાધામ ભુરખિયા હનુમાનજી મંદિરના સાનિધ્યમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ – લાઠીની મહત્વપૂર્ણ કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠક અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, અમરેલી જિલ્લાના અધ્યક્ષ વિજયભાઈ મકવાણા, જિલ્લા સંગઠન મંત્રી કલ્પેશભાઈ, આશિષભાઈ ચૌહાણ તેમજ નરેશભાઈ ડોડિયાની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી.જિલ્લા હોદ્દેદારોના માર્ગદર્શન હેઠળ સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી લાઠી તાલુકાની નવી ટીમની બિનહરીફ વરણી કરવામાં આવી. નવી ટીમ મુજબ અધ્યક્ષ તરીકે અલ્પેશભાઈ કાકડીયા, મહામંત્રી તરીકે મહેશભાઈ ચૌહાણ, સંગઠન મંત્રી તરીકે આશિષભાઈ જાની, વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે ભાવેશભાઈ કાલિયાણી અને કોષાધ્યક્ષ તરીકે રજનીભાઈ બઢિયા નિયુક્ત થયા હતા. ઉપાધ્યક્ષ તરીકે ઓધવજીભાઈ કથીરીયા, ઉદયસિંહ રાજપૂત અને કિશોરભાઈ ગોસાઈની વરણી થઈ. મહિલા પાંખમાં પારુલબેન જોષી મહિલા ઉપાધ્યક્ષ, રીનાબેન ગોસાઈ મહિલા મંત્રી અને દક્ષાબેન વામજા સહ મંત્રી તરીકે નિમાયા હતા.ભુરખિયા દાદાના આશીર્વાદ સાથે તમામ નવનિયુક્ત હોદ્દેદારોએ સંગઠનની વિચારધારા મુજબ રાષ્ટ્રહિત, શિક્ષણહિત અને શિક્ષકહિતમાં નિષ્ઠાપૂર્વક કાર્ય કરવાની શપથ લીધી. શિક્ષણ જગતના અગ્રણીઓએ આ નિમણૂકનું સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચૌદશ
તા.૧૬-૦૨-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

**તા.૧૬-૦૨-૨૦૨૬ સોમવાર**

મેષ: આજે તમે શાંત દિવસ પસાર કરશો. આ દિવસે તમારે તમારા વડીલોના આદેશોનું પાલન કરવું પડશે.

વૃષભ: આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો.

મિથુન: નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. પૈસા સંબંધિત કામમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે.

સિંહ: તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે, પરંતુ બજેટ બગડવાનો ભય છે.

કન્યા: આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. પરંતુ ઘરના કાર્યોમાં આળસ રાખતા થોડા સમય માટે વાતાવરણ બગડશે.

તુલા: આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે.

વૃશ્ચિક: આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે.

ધન: આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે.

મકર: આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો.

કુંભ: તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે.

મીન: તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો.

# જાફરાબાદમાં વેલનેસ કોષની ટીમ દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિ હેલ્થ સેમિનાર યોજાયો

જાફરાબાદ, તા.૧૫


તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ ખાતે સાગર કોમ્પ્લેક્ષની બાજુમાં વેલનેસ કોષની ટીમ દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિ હેલ્થ સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૬૮ જેટલા લોકો ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા. આ સેમિનારનો મુખ્ય હેતુ બદલાતી જીવનશૈલી વચ્ચે યોગ્ય પોષણ, વજન નિયંત્રણ અને તંદુરસ્ત જીવનશૈલી અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન બોડી એનાલિસિસ દ્વારા શરીરની હાલત અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ અને દૈનિક જીવનમાં અપનાવવાની આરોગ્યપ્રદ આદતો વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી. વર્તમાન સમયમાં વધતા મેદસ્વિતા, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જેવી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહેવાની જરૂરિયાત ઉપર વિશેષ ભાર મુકાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ પ્રશ્નોત્તરી સત્રમાં સક્રિય ભાગ લીધો હતો અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# અમરેલીમાં હીરામોતી ચોકથી રોકડિયાપરા વચ્ચે યુવકનું રોકડ અને દસ્તાવેજો ભરેલું પાકીટ ખોવાયું

અમરેલી, તા.૧૫

શહેરના હીરામોતી ચોકથી રોકડિયાપરા તરફ જઈ રહેલા એક વ્યક્તિનું પાકીટ રસ્તામાં ક્યાંક પડી જવાની ઘટના સામે આવી હતી. પાકીટમાં રોકડ રકમ તેમજ વાહનના અગત્યના દસ્તાવેજો હોવાનું જાણવા મળ્યું હતું. રોહિતભાઈ રામજીભાઈ રાઠોડ (ઉ.વ.૩૧) એ જાહેર કર્યા મુજબ, તેઓ હીરામોતી ચોકથી રોકડીયાપરા તરફ જતા હતા તે દરમ્યાન રસ્તામાં ખીસ્સામાથી પાકીટ પડી ગયું હતું. જેમા રોકડા રૂ.૧૦,૫૦૦ તથા મોટર સાયકલની આર.સી. બુક તથા પી.યુ.સી હતા. પાકીટ પડી ગયાની જાણ થતા જ તેમણે આજુબાજુના વિસ્તારમાં તેમજ જે રસ્તા પરથી પસાર થયા હતા ત્યાં તપાસ કરી હતી, પરંતુ પાકીટનો કોઈ પત્તો મળ્યો ન હતો. જે બાદ પોલીસનો સંપર્ક કર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# ટોડાની પ્રાથમિક શાળામાં "માતૃ-પિતૃ પૂજન દિવસ"ની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૧૫



પાશ્ચાત્ય સંસ્કૃતિની દેન એવા 'વેલેન્ટાઈન ડે' ના ભારતભરમાં વધી રહેલા પ્રચલનને કારણે ભારતનું યુવાધન ચારિત્ર્ય હીનતાના માર્ગે અગ્રેસર થઈ રહ્યું છે, જેના દુષ્પરિણામોને રોકવા માટે અને નાના બાળકો ભારતીય સંસ્કૃતિની મહત્તા સમજીને નાનપણથી જ માતાપિતાનો આદર સત્કાર કરતા થાય તેવા ઉમદા હેતુથી લાઠી તાલુકાના ટોડા ગામની પ્રાથમિક શાળામાં 'માતૃ-પિતૃ પૂજન દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ૧૫૦ વધુ બાળકોએ શાસ્ત્રોક્ત વિધિથી પોતાના માતાપિતાની આરતી ઉતારી, પરિક્રમા કરી, ફુલમાળા પહેરાવીને પૂજન કર્યું.

આ કાર્યક્રમ દરમિયાન લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા.

# જુની બારપટોળી ગામેથી મહિલા પાસેથી ૫ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૫

રાજુલાના જુની બારપટોળી ગામેથી મહિલા પાસેથી ૫ લીટર દેશી દારૂ મળ્યો હતો. પોલીસે ૧૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. તાલડા ગામેથી ત્રણ, અમરેલી, રાજુલા, ખાખબાઈ ગામેથી એક-એક મળી કુલ છ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. લાઠી આલમગીરી સામેથી એક યુવક નશાયુક્ત હાલતમાં મોટર સાયકલ ચલાવતા પકડાયો હતો.

# બાબરાના ઉંટવડ ગામેથી પાંચ પત્તા પ્રેમી પકડાયા

બાબરા, તા.૧૫

બાબરાના ઉંટવડ ગામેથી પોલીસે પાંચ જુગારીઓને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. તેમની પાસેથી રોકડ રૂ.૪૨૯૦ જપ્ત કરવામાં આવી હતી. મનીષભાઈ રવજીભાઈ ચૌહાણ, વિજયભાઈ ગીગાભાઈ દાફડા, ભનુભાઈ ડાયાભાઈ ચારોલીયા, પ્રતાપભાઈ લખુભાઈ ચારોલીયા તથા હમીરભાઈ વાલાભાઈ ડાભી જાહેરમાં તીનપત્તીનો હારજીતનો પૈસા પાનાથી જુગાર રમી રમતા કુલ રોકડ રૂ.૪૨૯૦ સાથે ઝડપાયા હતા.

# ધારીના બોરડી ગામની ભાલમ નામની સીમમાં વાડીએથી કેબલ વાયરની ચોરી

ધારી, તા.૧૫

ધારીના બોરડી ગામની ભાલમ નામની સીમમાં વાડીએથી કેબલ વાયરની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. અશ્વિનભાઈ ભોળાભાઈ કુંજડીયા (ઉ.વ.૫૨) એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની વાડીએથી પાણીની ઈલેક્ટ્રીક મોટરનો ઈલેક્ટ્રીક કેબલ વાયર (કોપર વાયર) આશરે ૧૦૦ મીટર આશરે કિં.રૂ.૨૦,૦૦૦ નો કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો.

## તંત્રી લેખ

# ટ્રેડ એગ્રીમેન્ટ કરતા રાષ્ટ્રની અખંડિતતા મહત્વપૂર્ણ

ભારત અને અમેરિકા વચ્ચે તાજેતરમાં થયેલો વ્યાપાર કરાર બંને દેશો માટે ઐતિહાસિક પગલું છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં નક્કી થયેલા આ વચગાળાના કરારની ઘોષણા થઈ, જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતીય નેતૃત્વ વચ્ચે વાટાઘાટો પૂર્ણ થઈ. આ કરારનો મુખ્ય ઉદ્દેશ ટેરિફ ઘટાડીને વેપારને વધુ સરળ બનાવવાનો છે, જેથી બંને દેશોના વેપારીઓને નવી તકો મળે. લાંબા સમયથી ચાલતા વેપારી તણાવને અંત આણવા આ કરાર કામ આવશે, અને તે આર્થિક સહયોગને મજબૂત કરશે.

આ કરાર ફેબ્રુઆરી ૨૦૨ પથી શરૂ થયેલી વાટાઘાટોનું પરિણામ છે. ભારતે અમેરિકન ઔદ્યોગિક માલ પરના ટેરિફને નાબૂદ કરવા અથવા ઘટાડવાનું વચન આપ્યું છે. ખાસ કરીને કૃષિ ઉત્પાદનો જેવા લાલ જુવાર, બદામ, ફળો, સોયાબીન તેલ, વાઈન અને સ્પિરિટ પર ટેરિફમાં રાહત આપવામાં આવશે. આ પગલાથી અમેરિકન કૃષિકારોને ભારતીય બજારમાં વધુ પ્રવેશ મળશે, અને ભારતીય લોકોને સસ્તા ઉત્પાદનો મળશે. વધુમાં, નોન-ટેરિફ અવરોધો પણ દૂર થશે, જેમ કે મેડિકલ સાધનો, અને કૃષિ ઉત્પાદનો પરના પરીક્ષણ નિયમોમાં ફેરફાર થશે.

આગામી છ મહિનામાં બંને દેશો અમેરિકન અથવા આંતરરાષ્ટ્રીય ધોરણો અપનાવવા વાટાઘાટો કરશે. આનાથી વેપાર પ્રક્રિયા વધુ પારદર્શક અને ઝડપી બનશે. કરારમાં નિયમો એવા છે કે લાભ મુખ્યત્વે ભારત અને અમેરિકાના ઉત્પાદકોને જ મળે, અને જો કોઈ એક પક્ષ ટેરિફ બદલે તો બીજો પણ તેમ કરી શકે. ડિજિટલ વેપાર પર પણ ધ્યાન કેન્દ્રિત છે, જ્યાં ભેદભાવપૂર્ણ પ્રથાઓને અંત આવશે. આ કરાર સારી નિશાની છે, જે વેપારને વધુ વિસ્તૃત કરશે.

ભારતે આગામી પાંચ વર્ષમાં અમેરિકાથી ૫૦૦ બિલિયન ડોલરના માલ ખરીદવાની યોજના જાહેર કરી છે. આમાં ઊર્જા ઉત્પાદનો, વિમાન અને તેના ભાગો, કિંમતી ધાતુઓ, ટેકનોલોજી ઉત્પાદનો જેમ કે ડેટા સેન્ટર સાધનો, તેમજ કોકિંગ કોલનો સમાવેશ થાય છે. આથી ભારતની ઊર્જા જરૂરિયાતો પૂરી થશે અને ટેકનોલોજી ક્ષેત્રે વિકાસ ઝડપી થશે. અમેરિકા પણ ભારતીય માલ પર ટેરિફ ૫૦%થી ઘટાડીને ૧૮% કરશે, જે કાપડ, વસ્ત્રો, ચામડું, ફૂટવેર, પ્લાસ્ટિક, હસ્તકલા અને ફર્નિચર જેવા ક્ષેત્રોને ફાયદો આપશે.

અમેરિકાએ ભારત સાથે થયેલી તાજેતરની ટ્રેડ ડીલ પર જારી કરેલી પોતાની ફેક્ટ શીટમાં ઘણા મોટા ફેરફારો કર્યા છે. પહેલાં જે બાબતોનો સ્પષ્ટ ઉલ્લેખ હતો, હવે તેમને કાં તો હટાવી દેવામાં આવી છે અથવા તેમની ભાષા બદલવામાં આવી છે. ગયા અઠવાડિયે બંને દેશોએ ટ્રેડ ડીલની જાહેરાત કરી હતી. આ પછી વ્હાઈટ હાઉસે એક ફેક્ટ શીટ જારી કરીને આગળની રૂપરેખા જણાવી હતી. પરંતુ હવે તે જ દસ્તાવેજનું નવું વર્ઝન જારી થયું છે. જેની સામે ભારતની સખત વાંધો છે.

# બધી સુવિધાઓ સમાજને એકીકૃત બનાવવામાં મદદરૂપ થવી જોઈએ

## પુષ્પ :: ૧૪

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ત્રીજા સરસંઘચાલક બાળાસાહેબ દેવરસે ઈ.સ. ૧૯૯૧ ના વિજયાદશમી ઉત્સવ દરમિયાન સંઘના સ્વયંસેવકોએ કેવું વર્તન કરવું જોઈએ ? તે અંગે માર્ગદર્શન આપતા કહ્યું કે, "જો આપણે ફક્ત આસપાસ નજર કરીએ તો આપણને જોવા મળશે કે લોકો દર દસ - વીસ વર્ષે પોતાના ધ્યેયો અને સૂત્રો બદલી રહ્યા છે. એક વાર એક મહાત્માએ રામરાજ્યની ઘોષણા કરી અને સામાન્ય લોકોના હૃદયને સ્પર્શી ગયા. તે ઘોષણાથી લોકો ખૂબ જ ઉત્સાહિત થઈ ગયા. પરંતુ તે મહાત્મા જતાની સાથે જ તેમની ઘોષણા પાછળ રહી ગઈ અથવા એમ કહી શકાય કે, તેને જાણી જોઈને પાછળ ધકેલી દેવામાં આવી. તેના સ્થાને કલ્યાણકારી રાજ્યની જાહેરાત કરવામાં આવી. જાણે રામરાજ્યમાં જનકલ્યાણની કલ્પના જ ન હોય. લોકકલ્યાણ રાજ્યની આ ઘોષણા પણ લાંબા સમય સુધી ટકી શકી નહીં. તેના બદલે (Socialistic pattern of society) સમાજવાદી પદ્ધતિની સમાજરચનાની ઘોષણા કરવામાં આવી. પરંતુ આ ઘોષણા પણ અલ્પજીવી સાબિત થઈ. તરત જ તેની જગ્યાએ 'લોકશાહી સમાજવાદ'ની ઘોષણા કરવામાં આવી. એવું નથી કે વર્તન અને આચરણ આ ઘોષણાઓ અનુસાર હતું, પરંતુ તે એક અલગ બાબત છે. આ ૬૬ વર્ષોમાં સંઘના ઉદ્દેશ્યમાં સહેજ પણ ફેરફાર થયો નથી. આનું કારણ કોઈ વસ્તુને એક વાર સ્વીકારી લેવામાં કે માની લેવામાં આવે તેને પકડી રાખવાની જીદ નથી કે કોઈ પણ પ્રકારની હઠ નથી. પરંતુ તેનું કારણ તેનું શાશ્વત સત્ય તેમજ તેની સમયસર યોગ્યતા અને આવશ્યકતા છે. ઈ.સ. ૧૯૨૫ થી સંઘ કહેતો આવ્યો છે કે, આ એક રાષ્ટ્ર છે. આ હિન્દુ રાષ્ટ્ર છે. હિન્દુ સમાજ જ આ રાષ્ટ્રનું નિર્માણ અને પ્રસાર કરી રહ્યો છે. રાષ્ટ્રનું ભાગ્ય અને ભવિષ્ય હિંદુ સમાજના ભાગ્ય અને ભવિષ્ય સાથે જોડાયેલું છે. તેથી હિન્દુ સમાજ સુવ્યવસ્થિત, એકતાપૂર્ણ અને રાષ્ટ્રીય મૂલ્યોથી સંપન્ન હોવો જોઈએ. જ્યારે હિન્દુ સમાજ આવો બનશે ત્યારે જ આપણું રાષ્ટ્ર એકીકૃત, સુસંગઠિત અને સુસંસ્કૃત રહેશે. આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને સંઘ છેલ્લા ૬૬ વર્ષથી કાર્યરત છે.

કેટલાક લોકો 'હિન્દુ રાષ્ટ', 'હિન્દુ સંગઠન' જેવા શબ્દો સાંભળીને ભ્રમિત થઈ જાય છે. તેમના મનમાં એક પ્રશ્નઉદભવે છે કે, આ દેશના બિન-હિંદુઓનું શું થશે ? તેઓ શું વિચારશે ? આ પ્રશ્ન ખાસ કરીને સ્પષ્ટ છે. આ પ્રશ્ન એક બિન-હિંદુ કરતા હિન્દુઓને વધુ હેરાન કરે છે. આપણા દેશમાં ઘણા ધર્મો અને સમુદાયોના લોકો રહે છે. તેમાંથી કોઈને પણ એવો ડર કે સ્થિતી અનુભવાતી નથી કે તેમના ધર્મ કે સમુદાયનું અસ્તિત્વ જોખમમાં છે. આપણા દેશમાં પારસી લોકોની સંખ્યા ખૂબ ઓછી છે. છતાં તેમને અહીં કોઈ ડર નથી. હિન્દુઓ અને પારસીઓ વચ્ચે રમખાણો થયા હોય તેવું કોઈએ ક્યારેય સાંભળ્યું નથી. ખ્રિસ્તી ધર્મના લોકો પણ અહીં રહે છે. તેમના પણ વિવિધ સંપ્રદાયો છે. તેઓ બધા અહીં રહે છે. જ્યારે કેટલાક મિશનરીઓ વિદેશી નાણાંની મદદથી આપણા દેશના અભણ, પછાત, ગરીબ લોકોની ગરીબી અને અજ્ઞાનતાનો લાભ લઈને તેમનું ધર્માંતરણ કરે છે અને તેમને તેમના પરંપરાગત મૂળથી તોડી નાખવાનો પ્રયાસ કરે છે. ત્યારે આની પ્રતિક્રિયા તરીકે મિશનરી પ્રવૃત્તિઓનો વિરોધ થતો સ્પષ્ટ દેખાય છે. કેટલીક જગ્યાએ તણાવની પરિસ્થિતિઓ ઊભી થાય છે. પરંતુ તેમ છતાં તે ક્યારેય હિન્દુ-ખ્રિસ્તી રમખાણોનું સ્વરૂપ લેતી નથી. પરંતુ અહીં હિન્દુ-મુસ્લિમ રમખાણો થતા રહ્યા છે. આ દેશમાં પારસીઓની સંખ્યા એટલી ઓછી છે કે જો હિન્દુઓ વિચારે તો તેમના ધર્મનો એક અંશ પણ હિન્દુસ્તાનમાં બચી શકે નહીં. તેમના જન્મસ્થળ પર્શિયામાં તેમની સાથે જે કંઈ બન્યું તે અહીં પણ થવું મુશ્કેલ નથી. પરંતુ આ હિન્દુઓનો સ્વભાવ નથી. એટલા માટે પારસી સમુદાયના લોકોને હિન્દુઓ તરફથી કોઈ પ્રકારનો ડર કે ખતરો નથી લાગતો. ખ્રિસ્તીઓની સંખ્યા તેમના કરતાં ઘણી વધારે છે છતાં એવું લાગતું નથી કે તેમને અહીં પણ આતંકીત માનસિકતામાં જીવવા માટે મજબૂર કરવામાં આવ્યા હોય. મુસ્લિમોની સંખ્યા પારસી કરતા અનેક ગણી વધારે છે છતાં એવું કહેવાય છે કે તેઓ હિન્દુઓથી ડરે છે. કાં તો આ ડર કૃત્રિમ હોઈ શકે છે અથવા ખોટો ઊભો કરવામાં આવેલો છે અથવા તો મુસ્લિમોને ડર હોઈ શકે છે કે હિન્દુઓ તેમના પૂર્વજો પર અહીં કરેલા અત્યાચાર અને વિનાશનો બદલો લેશે. પરંતુ આ પ્રકારનો બદલો લેવાની ભાવના હિન્દુઓના લોહીમાં નથી અને ન તો તે તેમનો સ્વભાવ છે. હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ પણ આ શીખવતા નથી. જો આવી કોઈ બાબત હોત તો જેમ પાકિસ્તાન હિન્દુઓથી મુક્ત થઈ ગયું છે તેમ હિન્દુસ્તાન પણ મુસ્લિમોથી મુક્ત થઈ ગયું હોત. પરંતુ આવું થયું નહીં. આ હિન્દુઓની સહનશીલતા અને બધા ધર્મોની સમાનતાનો સીધો પુરાવો છે. મુસ્લિમોમાં આવી આક્રમક અને અલગતાવાદી માનસિકતા પેદા કરવા માટે કહેવાતા ધર્મનિરપેક્ષ રાજકારણીઓ જવાબદાર છે. કાશ્મીરમાં મુસ્લિમો બહુમતી ધરાવે છે. શું ત્યાં કલમ ૩૭૦ લાગુ નથી ? કાશ્મીર માટે ખાસ પરિસ્થિતિમાં આ કલમ તાત્કાલિક અને કામચલાઉ ધોરણે લાગુ કરવામાં આવી હતી. પરંતુ આ બનાવટી ધર્મનિરપેક્ષતાવાદીઓ જ તેમને હટાવવાનો વિરોધ કરી રહ્યા છે. તેઓ તે પ્રવાહને કાયમી રાખવા માંગે છે.

અહીંના કહેવાતા ધર્મનિરપેક્ષતાવાદીઓ પોતાના રાજકીય લાભ માટે અને પોતાની શાસક વિચારધારા માટે મુસ્લિમોની રાજકીય આકાંક્ષાઓ પૂર્ણ કર્યા વગર રહેશે નહીં. પછી ભલે તેઓ ગમે તેટલા રાષ્ટ્રવિરોધી અને અલગતાવાદી હોય. આ ધર્મનિરપેક્ષ રાજકારણીઓ બિનસાંપ્રદાયિક રાજ્ય બનાવવાની વાત કરે છે અને બધા ધર્મોમાં સમાનતાનો ઢોલ વગાડે છે. પરંતુ જ્યારે પણ મુસ્લિમોનો પ્રશ્ન આવે છે ત્યારે તેઓ આ બધું ભૂલી જાય છે. પછી રાજકીય લાભ માટે તેઓ માનવતા પણ ભૂલી જાય છે. આજે આપણો દેશ ખૂબ જ નાજુક અને મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. તે અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે. તેમાંથી એક સમસ્યા આપણા સમાજના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત ભાઈઓના ઉત્થાન અને સર્વાંગી વિકાસની છે. તેમાંથી આપણા ભાઈઓ જે અનુસૂચિત જાતિ અને જનજાતિના છે. તેમના સર્વાંગી વિકાસ માટે અનામત વગેરે સુવિધાઓ પહેલાથી જ પૂરી પાડવામાં આવી છે. પરંતુ તેમના સિવાય સમાજના કેટલાક અન્ય પછાત સભ્યો પણ છે. તેમને પણ આવી સુવિધાઓ પૂરી પાડવી જરૂરી લાગે છે. પરંતુ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ બધી સુવિધાઓ સમાજને એકીકૃત બનાવવામાં મદદરૂપ થવી જોઈએ. તેમના કારણે સમાજમાં એકતા અને સમરસતાનું વાતાવરણ સર્જાવું જોઈએ. આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે, જાતિગત પછાતપણાની સમસ્યા એ હિન્દુ સમાજની સમસ્યા છે. અનામત વગેરે સુવિધાઓનો ઉદ્દેશ્ય આ પછાતપણું દૂર કરવાનો અને હિન્દુ સમાજને વધુ સમરસતાભર્યો બનાવવાનો હોવો જોઈએ. જો કોઈ નીતિ સમાજમાં તણાવ અને દુશ્મનાવટ પેદા કરે છે. તો તે નીતિની સમીક્ષા કરવાની બાબત પણ ધ્યાનમાં લેવી પડશે. ગયા વર્ષના વિજયાદશમી ઉત્સવ પરના મારા બૌદ્ધિકમાં મેં સૂચન કર્યું હતું કે, સામાજિક ક્ષેત્રના નેતાઓ, શિક્ષણવિદો, અર્થશાસ્ત્રીઓ, વહીવટકર્તાઓ અને રાજકીય નેતાઓએ સાથે બેસીને જાતિના આધારે અનામત આપવાની નીતિની સમીક્ષા કરવી જોઈએ. હું આજે પણ એ સૂચન આપી રહ્યો છું. જો અનામતના સંદર્ભમાં આવો ભાવનાત્મક અભિગમ અપનાવવામાં નહીં આવે તો રાજકીય નેતાઓ પોતાના રાજકીય હિતો માટે જાતિના આધારે પોતાની વોટ બેંક બનાવવાનું શરૂ કરશે. આજે પણ આવું જ એક દ્રશ્ય જોવા મળે છે. જે લોકો પોતાને ધર્મનિરપેક્ષ કહે છે તેઓ જ આ ગંદા, જાતિ આધારિત રાજકારણમાં સામેલ છે. તેઓ હિંદુત્વનો વિરોધ કરશે પણ હિન્દુઓમાં ચોક્કસ જાતિઓને લાડ લડાવશે. આપણે એવી પ્રવૃત્તિઓથી સાવધ રહેવું જોઈએ. જે હિંદુ સમાજને વીખેરી શકે છે. આપણે બધાએ સારી રીતે સમજવું જોઈએ કે, કોઈ પણ કાર્ય કે પદ્ધતિ જે સમગ્ર હિન્દુ સમાજને સ્પર્શે છે તે ક્યારેય સાંપ્રદાયિક ન હોઈ શકે. કારણ કે હિન્દુ કોઈ સંપ્રદાય નથી, તે એક હિન્દુ રાષ્ટ્ર છે. જે બધા સંપ્રદાયો, બધા ધર્મો, બધી પૂજા, પદ્ધતિઓ અને બધા સંપ્રદાયો સાથે સમાનતાથી વર્તે છે અને બધા માટે આદર ધરાવે છે. જે લોકો હિન્દુત્વને ફક્ત એક સાંપ્રદાયિક ભાવના, એક ચોક્કસ પ્રકારની પૂજા પદ્ધતિ, કેટલીક ધાર્મિક વિધિઓ, કેટલાક તહેવારો માને છે તેઓ હિંદુત્વની રાષ્ટ્રીય ભૂમિકાને ભૂલી ગયા. એટલું જ નહીં પરંતુ સમગ્ર માનવજાતના કલ્યાણ માટે હિન્દુત્વની વૈશ્વિક ભૂમિકા પર પણ ધ્યાન આપતા નથી. આ રીતે બાળાસાહેબ દેવરસે ઈ.સ. ૧૯૯૧ ના વિજયાદશમી ઉત્સવ દરમિયાન સંઘના સ્વયંસેવકોએ કેવું વર્તન કરવું જોઈએ અને સમાજના પછાત વર્ગના સર્વાંગી વિકાસ માટે કઈ રીતે કટિબદ્ધ બનવું જોઈએ એ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

# મહાશિવરાત્રી : જાગૃતિની રાત, જીવનનો અર્થ

## મનન ચિંતન



ભરત બાવીશી

ગત રાત્રીએ મહાશિવરાત્રીનું પાવન પર્વ સૌએ ભક્તિભાવ સાથે ઉજવ્યું.ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ તળેટીમાં લાખો શિવભક્તોએ ભજન અને ભોજન અને ભાંગની પ્રસાદી સાથે સિદ્ધ સાધુઓની રવેડી અને મૃગીકુંડના સ્નાનના દર્શન કરીને ધન્યતા અનુભવી.સમગ્ર દેશમાં ઠેર ઠેર શિવાલયોમાં શિવલિંગ ને જળ,દૂધ અને બીલી પત્રો નો અભિષેક કરીને દેવાધિદેવ મહાદેવના શરણમાં શીશ ઝુકાવીને શિવરાત્રી પર્વની પાવન ઉજવણી કરી હશે ત્યારે ચાલો આ પર્વનો મહિમા શબ્દોથી સિદ્ધ કરીએ. મહાશિવરાત્રી માત્ર તહેવાર નથી; આ આત્મજાગૃતિની રાત છે. 'શિવ' એટલે કલ્યાણ જ્યાં અહંકાર ઓગળે, જ્યાં ક્રોધ શમે અને જ્યાં મન શાંત થાય, ત્યાં શિવ તત્વ પ્રગટે છે. શિવ અનાદિ-અનંત છે; તેમનો જન્મ નથી થયો પરંતુ શિવ તત્વનું

પ્રાગટ્ય આપણાં અંતરમાં થાય, એ જ સાચો મહિમા છે. ભારતમાં આવેલા ૧૨ જ્યોર્તિલિંગો : સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલેશ્વર, ઓંકારેશ્વર, કેદારનાથ, ભીમાશંકર, કાશી વિશ્વનાથ, ત્ર્યંબકેશ્વર, વૈદ્યનાથ, નાગેશ્વર, રામેશ્વરમ અને ઘૃષ્ણેશ્વર આપણને શિવદર્શન સાથે પ્રકાશનું સ્મરણ કરાવે છે.જ્યોર્તિલિંગનો અર્થ છેઃ અંદરના અંધકારને દૂર કરીને માનવતાનો દીવો પ્રગટાવવો. શિવરાત્રીએ આપણે સંકલ્પ કરીએકે ઉપવાસ માત્ર ભોજનનો નહીં, દુર્ગુણોનો કરીએ; જાગરણ માત્ર આંખોનું નહીં, અંતરાત્માનું કરીએ. બહાર મંદિરે દીવો પ્રગટાવીએ, સાથે અંદર કરુણા અને સહનશીલતાનો દીવો પણ પ્રગટાવીએ.

મહાશિવરાત્રી માત્ર એક ધાર્મિક પર્વ નથી, પરંતુ મનુષ્યના આંતરિક જીવનને સ્પર્શતી એક આધ્યાત્મિક ઘટના છે. આ રાત આત્મજાગૃતિની છે; જ્યારે માણસ બહારના ઉજાસ કરતાં અંદરના પ્રકાશને મહત્વ આપે છે. 'શિવ' શબ્દનો અર્થ માત્ર

દેવતા નહીં, પરંતુ કલ્યાણની ચેતના છે. જ્યાં અહંકાર ઓગળે, જ્યાં ક્રોધ શમન પામે અને જ્યાં મન શાંત થાય ત્યાં શિવ તત્વ પ્રગટે છે. પુરાણોમાં મહાશિવરાત્રીના અનેક અર્થ જણાવાયા છે. એક માન્યતા મુજબ આ રાત્રિએ ભગવાન શિવ અને માતા પાર્વતીનું મિલન થયું. આ મિલન માત્ર દાંપત્યનું પ્રતીક નથી, પરંતુ પુરુષ અને પ્રકૃતિ, શક્તિ અને શાંતિ, ત્યાગ અને સર્જન આ બધાના સંતુલનનું પ્રતીક છે. બીજી માન્યતા મુજબ સમુદ્રમંથન સમયે નીકળેલા વિષનું પાન કરીને ભગવાન શિવે

સૃષ્ટિને બચાવી. એટલે શિવ ત્યાગ, સહનશીલતા અને સર્વકલ્યાણના પ્રતીક છે.આ સંદર્ભ આપણને શીખવે છે કે સમાજમાં ઝેર સમાન વિકૃતિઓઃ સ્વાર્થ, દ્વેષ, અસહિષ્ણુતા આ બધાને કોઈ ને કોઈએ પોતાના હૃદયમાં ઝીલીને નિષ્ક્રિય કરવી પડે છે. સાચો શિવભક્ત એ જ, જે પોતાનું સુખ થોડું ઓછું કરીને સમાજની શાંતિ વધારશે. મહાશિવરાત્રીના વિધિ-વિધાનો પણ માત્ર ક્રિયાકાંડ નથી, પરંતુ ઊંડો અર્થ ધરાવે છે. શિવલિંગ પર જળ, દુધ અને બિલ્લીપત્ર ચઢાવવું એ પ્રતીક છે કે

આપણું મન પણ પવિત્ર વિચારોથી સ્નાન કરાવે. ઉપવાસ એ માત્ર ખાવા-પીવાથી દૂર રહેવું એવું નથી, પરંતુ મનના સંયમનો વિષય છે. રાત્રી જાગરણ એ આંખ ખોલી રાખવાનું નહીં, પરંતુ અંતરાત્માને જગાડવાનું આમંત્રણ છે. આ તમામ વિધિઓનો સાર એટલો જ છે કે માણસ પોતાના જીવનમાં સરળતા, સહનશીલતા અને સત્યનિષ્ઠા રૂપી શિવ તત્વ ઉતારે.

આજના યુગમાં મહાશિવરાત્રીનો સંદેશ વધુ પ્રાસંગિક બન્યો છે. દોડધામ, સ્પર્ધા અને સ્વાર્થના યુગમાં માણસ સંબંધો ભૂલી રહ્યો છે. ધર્મના નામે વિખવાદ, વિચારના નામે દ્વેષ અને સફળતાના નામે અહંકાર વધતો જાય છે. મહાશિવરાત્રી

આપણને યાદ અપાવે છે કે શિવ ફક્ત સંહારક નથી, પરંતુ સંહાર કરીને નવી રચનાનો માર્ગ બનાવનાર છે. આપણાં જીવનમાં વ્યાપેલા અંધકાર અને નકારાત્મક વિચારો, તૂટેલા સંબંધો અને કડવાશ વગેરેનો સંહાર કર્યા વગર નવી શરૂઆત શક્ય નથી. મંદિર જવાથી શિવ મળે છે એવું માનવું સરળ છે, પરંતુ ખરેખર શિવ તો ત્યારે મળે છે જ્યારે આપણે અન્યાય સામે મૌન તોડીશું, નબળા માટે અવાજ ઊઠાવીશું અને પોતાના અહંકાર સામે ઝૂકવાનું શીખીશું. શિવ તપસ્વી છે, એટલે સહન કરે

છે; શિવ નિલકંઠ છે, એટલે ઝેર પચાવે છે; શિવ ભોલા છે, એટલે નિર્દોષતા સાથે જીવન જીવે છે. આ ત્રણેય ગુણો જો આપણા વર્તનમાં ઉતરે, તો જ મહાશિવરાત્રી ઉજવવાની સાચી સાર્થકતા થાય. ગત રાત્રીના પવિત્ર અને પવન પર્વ મહાશિવરાત્રીના શુભ પ્રસંગની આપ સૌને હાર્દિક શુભેચ્છા સાથે જય ભોલેનાથ..


**ઝેર પી જઈને પણ જે જગતને બચાવે, એ શિવ છે, પોતાની પીડા છુપાવીને પણ સૌને હસાવે, એ શિવ છે. મંદિરોમાં દીવા પ્રગટ્યા, દિલમાં અંધારું રહ્યું, શિવ શોધતા રહ્યા બહાર, અંદર શૂન્ય સારું રહ્યું. નારા લગાવ્યા શિવના, કર્મમાં ઝેર ભરી દીધું, નિલકંઠની વાત કરી, પણ ઝેર બીજાને પીવડાવ્યું. ભીડમાં ભગવાનને શોધે છે એ ભમે છે, 'ભ્રમણ,' જે અંદર જાગે એ જ સાચો મહાદેવ ભક્ત છે 'ભરત'**

# ખેડૂત બિચારો નહિ પણ ધારે તો ખેતીને ઈન્ડસ્ટ્રીઝ બનાવી શકે






## ઝાકળનું એક બિંદુ



હિરેન હિરપરા

ગઈ કાલે મહાશિવરાત્રીનો આધ્યાત્મીક તહેવાર ધાર્મિક- ભક્તિ ભાવ સાથે ઉજવ્યો. ખેડૂતો એ પોતાના ખેતરોમાં વાવતેર કરેલ ઘઉં, ચણા, જીરૂ, રાય જેવા શિયાળુ પાકો હવે પરીપકવ થવા આવ્યા છે. કયાંક કાપણીની શરૂઆત છે. હવે શિયાળાની ઠંડીની વિદાય શરૂ થશે. ખેડૂતો માટે આ પરિણામ (ઉત્પાદન) પહેલાનો આ તહેવાર છે. અને સમય છે.

આજે ખેડૂતોઓ ખેતી છોડી રહ્યા છે. નર્મદાના નીર ઠેર-ઠેર પહોંચ્યા. જળ સંચય પ્રવૃતિથી પાણીના તળ ઉંચા આવ્યા. સારા બિયારણો, ખાતરો અને દવાઓ આવ્યા. યંત્રો ખેતીમાં આવ્યા. હળથી કાળમીઢ ઢેફા કાઢવાના દિવસો ગયા. છતા પણ આજે સામાજીક અને અન્ય કારણોસર ખેતી કોઈને કરવી નથી. જે દેશનું અર્થતંત્ર ખેતી ઉપર નિર્ભર રહ્યુ છે તે ઔદ્યોગિક ક્રાંતી તરફ એ આગળ વધી રહ્યુ છે.

આજે વાત કરવી છે. અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના સિહોર ગામની અહિંના યુવા ખેડૂત મહેન્દ્રભાઈ પોપટલાલ રાવળ જેની ઉ.૫૫ વર્ષ અભ્યાસ સ્નાતક સુધી. આજે ૩૫ વિઘામાં સફળતા સાથે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. અને સફળતા પણ મળી છે.

મહેન્દ્રભાઈએ ૨૦૧૭માં ગીર ગાયો સાથે ડેરી ફાર્મની શરૂઆત કરી. લોકોને સારૂ અને ચોખુ દુધ અને ઘી મળે તેમજ તેનાથી આપણને સારી આવક થાય. આ મહેન્દ્રભાઈ પાસે હાલ ૬૫ જેટલી ગીર ગાય છે. સવારનું દુધ રૂ.૧૧૦ થી લીટર અમદાવાદ વહેંચે છે. લોકોની માંગ છે. જયારે એક ટાઈમના દુધમાંથી ઘી બનાવે છે અને રૂ.૨૨૦૦ના કિલોના ભાવથી વેચાણ કરે છે. ડેરી ફાર્મના વ્યવસાય સાથે ૨૦૧૯થી મિકસ મોડેલ ફાર્મથી પ્રાકૃતિક આધુનિક ખેતી કરી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી એટલે રાસાયણિક ખાતરોના સંશોધન પહેલા આપણા બાપ-દાદાઓ છાણીયા ખાતર આધારીત જે ખેતી કરતા હતા એ આજે પ્રાકૃતિક ખેતી તરીકે ઓળખાય છે. જેમા જાજો ફેર નથી. પધ્ધતિ અને નામ ફર્યા છે. જેમ દુધ કલેકશન સેન્ટર લી.આર.સી. યુનિટ હોય છે. તેમ આજે રાજય સરકાર પ્રાકૃતિ ખેતી કરતા ખેડૂતોને મદદ કરીને જીવામૃત બી.આર.સી. સેન્ટરો ઉભા કરાવી રહી છે. મહેન્દ્રભાઈએ ૫૦૦૦ લીટરનું બી.આર.સી. યુનિટ ઉભુ કર્યુ છે. જે પોતાની જરૂરિયાત પૂરી થતા ૫ રૂપિયા લીટર જીવામૃતનું વેચાણ કરે છે. આ ઉપરાંત દાન જીવામૃત ખાતર યુનિટ બનાવ્યુ છે. રૂ.૧૦ના કિલોના ભાવથી વેચાણ કરે છે.

પોતાના પ્રાકૃતિક ફાર્મમાં ચાલુ વર્ષ ઓસ્ટ્રેલીયન રેડ તુવેરનું વાવેતર કરેલ છે. આ ઉપરાંત પંચ સ્તરીય મિક્સ મોડેલ ફાર્મમાં દાડમ, મોંસબી, સંતરા, ચિકુ અને આંબાનું વાવેતર કરેલ છે.

બાગાયતી પાકોની હાર વચ્ચે શાકભાજી વાવેતર કરીને સારૂ વેચાણ કરે છે. પોતાના ફાર્મ ઉપર નાની મુલ્યવર્ધન ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરી છે. દાળમિલ, ગ્રેડિગ મશીનરી, પલ્વલાઈઝર એ પેકિંગ મશીનરી ધરાવે છે. તુવેરમાંથી તુવેરદાળ, મગમાંથી મગદાળ, ઘઉંની કલીનીક ગ્રેડીંગ કરી વેચાણ કરે છે. ગયા વર્ષ પ્રાકૃતિક ખેતીની વાવેતર કરેલ. ૫ વિઘાની શક્કરટેટી ફાર્મ પર બેઠા રૂ.૨૪ના કિલાના ભાવથી જમ્મુ-કશ્મીરના વેપારીને વેચાણ કરેલ. આ વર્ષે પણ વાવેતર કરેલ છે. ખેતી કોઈને દુઃખી કરતી નથી પણ જો ખેતી આયોજન, આધુનિકતા અને પોતાના કામ સાથે કરવામાં આવે તો એ સમજવુ જરૂરી છે. મહેન્દ્રભાઈ રાવળનો સંપર્ક નં.૯૮૨૫૧ ૨૪૨૭૧ છે.

## :: તિખારો ::

**લાગણીઓને રમત બનાવી, વફાદારીને નબળાઈ ગણીને પોતાના ખોટા રસ્તે શોખ પૂરા કરતા લોકો સમય પૂરો થતા વંટોળીયાની જેમ ફેકાઈને આથમી જાય છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો

મગફળી: ● સમયસર ખાલા પૂરી દેવા અથવા મોડું થઈ જાય તો ખાલામાં કઠોળ અથવા તલ વાવી શકાય.

● મગફળી માટે ગંધક અને જસત તત્વની ઉણપવાળી જમીનમાં ૨૫ kg N + ૭૦ kg P સાથે ૬ કિલો ગંધક અને ૧ - ૨ કિલો જસત તત્વ યુક્ત ખાતર આપવું.

● પ્રથમ પિયત માટે ઉતાવળ ના કરતા ૨૫ થી ૩૦ દિવસે અથવા ખેતરના ૮૦% વિસ્તારમાં ફૂલ જોવા મળે ત્યારે જ પિયત આપવું.

કલકતી તમાકુ : ● ખૂટણી : જીટી-૧ માં ૧૩ થી ૧૫ પાને જીટીસી-૧ અને ૨ માં ૧૭ થી ૨૦ પાને પીલા કાઢતા રહેવા. બીડી તમાકુ વાવેતર બાદ ૧૬૦ થી ૧૮૦ દિવસે પાકી જાય છે.

કાપણી ત્રણ રીતે કરી શકાય.

૧.છુટક પાન પાડીને : સારા બુટ્ટાવાળા પાકા પાન તોડી જમીન પર ૩ થી ૪ દિવસ ઊંધા સુકવવા.

૨. ઘૂઘરો પધ્ધતિ : પાકટ પાન છોડ પરથી સોરીને.

૩. આખા છોડને કાપીને : પાકટ છોડને થડમાંથી દાંતરડાથી કાપીને

પીલા અઠવાડિયે કાઢતા રહેવું

ખૂટણી : આણંદ-૨, ૧૧૯, ગુ.ત.-૪, ૫, ૯ : ૧૮ થી ૨૦ પાને ગુ.ટી. ૭ અને એબીટી ૧૦ :૨૦ થી ૨૨ પાને એન.આર.જી.ટી.એચ.–૧ અને જી.એ.બી.ટી.-૧૧: ૨૨ થી ૨૪ પાને.

દિવેલા: ડોડવા (ઘાંટા) કોરી ખાનાર ઈયળ

● ખેતરમાં પ્રકાશપિંજર ગોઠવી ફૂદીઓને મોટી સંખ્યામાં આકર્ષીને નાશ કરી શકાય.

● બેસીલસ થુરીન્જીન્સીસ નામના રોગપ્રેરક જીવાણુનો પાઉડર ૨૦ ગ્રામ અથવા બ્યુવેરીયા બેસીયાના નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

● કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા ફેનવાલરેટ ૨૦ ઈસી ૫ મિ.લિ. અથવા ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

રીંગણ : સફેદમાખી

● પીળા રંગના ચીકણા ટ્રેપ ૫ પ્રતિ હેક્ટર પ્રમાણે ઉપયોગ કરવાથી ઉપદ્રવની જાણકારી મેળવી શકાય છે.

● લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૧૦ મિ.લિ. (૫ ઈસી) થી ૫૦ મિ.લિ. (૦.૦૩ ઈસી) અથવા લીમડાનું તેલ ૫૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવાથી આ જીવાતને કાબુમાં રાખી શકાય.

● વધુ ઉપદ્રવ હોય તો ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા ઈમિડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૪ મિ.લિ. અથવા ડાયફેન્થ્યુરોન ૫૦ ડબ્લ્યુપી ૧૦ ગ્રામ અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯૦ એસસી ૧૦ મિ.લિ. અથવા મેલાથીઓન ૫૦ ઈસી ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

કાકડી જાતો:- સ્લાઈસિંગ : દેશી કાકડી ચીરીને ખાઈ શકાય. પીક્લીંગ:- અથાણું બનાવવા, સીડલેસ/ઈંગ્લીસ : બીજ વગરની, મોનોસીઅસ : નર અને માદા ફૂલ એક છોડ પર જ હોય છે., ગાયનોસીસ : ફક્ત માદા ફૂલ છોડ પર જોવા મળે છે., પાર્થેનોકાપીર્ક : ગ્રીન હાઉસમાં વાવેતર માટે, પાર્થેનોકાપીર્ક જાતો: જેની જાતો પૂસા સીડલેસ – ૫ પંતપાર્થેનોકાપીર્ક : ૨, ૩ પંજાબ ખીરા, કિસાન –૧, હિલ્ટોન, સેમીનસ પ્રીસ, ટેસ્ટી કાફ્ડા, સીમ્બા

વેલાવાળા શાકભાજી : મોલો

● ઉપદ્રવની શરૂઆતના સમયે લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૧૦ મિ.લિ. (૫ ઈસી) થી ૫૦ મિ.લિ. (૦.૦૩ ઈસી) અથવા લેકાનીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● ઉપદ્રવ વધતો જણાય તો એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા થાયામેથોક્ઝામ ૨૫ ડબ્લ્યુજી ૩ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવાથી તેની વસ્તીને કાબુમાં લઈ શકાય છે.

ટામેટા : લીલી ઈયળ

બટાટા : વિષાણુંજન્ય રોગો (પચરંગીયો, કોકડવા તથા પાન વળી જવાનો રોગ)

● નાઈટ્રોજયુક્ત રાસાયણિક ખાતરનો અતિશય ઉપયોગ ટાળવો.

● લીમડા આધરિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) અથવા લીમડાની લીંબોળી મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

● મોલોનો ઉપદ્રવ વધુ જણાય તો મિથાઈલ - ઓ - ડીમેટોન ૧૨ મિ.લિ. અથવા ડાયમીથોએટ ૧૦ મિ.લિ. થાયોમેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૨ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી જરૂરિયાત મુજબ છંટકાવ કરવો.

● ખેતરમાં રોગગ્રસ્ત છોડને કંદ સાથે ઉખાડીને નાશ કરવો.

બાગાયત: દાડમ, ફુલછોડ, ઔષધિય પાકો અને રક્ષિત ખેતીના પાકો : થ્રીપ્સ

● લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીંબોળીનું તેલ ૩૦ મિ.લિ. અથવા



લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● વધુ ઉપદ્રવ વખતે સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મિ.લિ. અથવા થાયાકલોપ્રીડ ૪૮ એસસી ૫ મિ.લિ. અથવા ફીપ્રોનિલ ૫ એસસી ૨૦ મિ.લિ. ૧૦ મિ.લિ. લિટર પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરવો.

આંબો : કાલવ્રણ / એન્થ્રેકનોઝ

● રોગીષ્ઠ ડાળીઓ, પાન અને ફળ બગીચામાંથી એકત્ર કરી નાશ કરવો.

● કાર્બેન્ડાઝીમ ૧૨% + મેન્કોઝેબ ૬૩% વેપા ૨૦ ગ્રામ અથવા કોપર ઓક્સિકલોરાઈડ ૫૦ વેપા ૩૦ ગ્રામ અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૫ ગ્રામ અથવા થાયોફેનેટ મિથાઈલ ૭૦ વેપા ૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● હાઈબ્રિડ કેરીની જાતો અન્ય કૃષિ પાકોની જેમ કેરીમાં પણ સંકરણ પદ્ધતિથી હાઈબ્રિડ જાતો વિકસાવવામાં આવેલ છે. જેમાં આમ્રપાલી અને ઝિકા જાતનો વ્યાપ છે.

ઉનાળુ તલની વૈજ્ઞાનિક ખેતી:- તલ એ ટુંકા ગાળાનો પાક હોય મુખ્ય પાક તરીકે, મિશ્રપાક તરીકે અને આંતરપાક તરીકે પણ સરળતાથી લઈ શકાય છે. તલનું તેલ તથા તલ ઔષધીય દ્રષ્ટિએ ઘણું મહત્વ ધરાવે છે. સામાન્ય રીતે તલનું વાવેતર ચોમાસાની ઋતુ દરમ્યાન કરવામાં આવે છે. પરંતુ વરસાદ આધારીત ખેતી હોવાથી ઉત્પાદન ઓછું આવે છે તેમજ રોગ અને જીવાતનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે તથા પાછોતરા વરસાદને કારણે પાક કાપણી દરમ્યાન પણ જ નુકસાન થાય છે. પરતું જો તલનું વાવેતર ઉનાળું ઋતુ દરમ્યાન કરવામાં આવે તો રોગ, જીવાત તથા પાછોતરા વરસાદના કારણે થતું નુકસાન નિવારી શકાય છે જેના કારણે ઉનાળુ ઋતુ દરમ્યાન ચોમાસુ ઋતુ કરતા વધુ ઉત્પાદન મળે છે તેમજ સારી ગુણવત્તાવાળું હોવાથી બજાર ભાવ વધુ મળે છે.

જમીનની પસંદગી અને તૈયારી :- ઉનાળુ તલને સારા નિતારવાળી, ગોરાડું, બેસર કે મધ્યમ કાળી જમીન વધુ માફક આવે છે. તલનો પાક વધુ પડતો ભેજ સહન કરી શકતો નથી ચીકણી અને ક્ષારીય તથા પાણી ભરાઈ રહે તેવી જમીન અનુકૂળ આવતી નથી. અગાઉના પાકના જડિયા વીણી, જમીનને ઓરવાણ કર્યા બાદ વરાપ થયે કરબની ખેડ કરી, સમાર મારી સમતળ અને ભરભરી બનાવવી. કયારા સમતળ અને ટૂંકા બનાવવા.

વાવણીનો સમય અને અંતર:- ઉનાળું તલનું વાવેતર દરિયાકાંઠા વિસ્તારમાં ફેબ્રુઆરીના બીજા અઠવાડિયામાં, વિસ્તારમાં ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયામાં કરવા ભલામણ છે. તલના ઉગાવા પર ઠંડીની માઠી અસર થાય છે. તલના ઉગાવા માટે ન્યુનત્તમ તાપમાન ૧૫ સે. થી વધારે હોવું જોઈએ. તલના બીજ જમીનની સપાટીથી અડધા સે.મી. ઉંડે રહે તે પ્રમાણે વાવેતર કરી પછી પિયત આપવું. તલનો દાણો જીણો હોય તેમાં જીણી રેતી ભેળવી ઓટોમેટીક વાવણીયાથી વાવેતર કરવું. બે હાર વચ્ચે ૪૫ સે.મી. અંતર રાખી વાવણીયાથી વાવણી કરવી અને ૨૦ થી ૨૫ દિવસ બાદ હારમાં બે છોડ વચ્ચે ૧૫ સે.મી.નું અંતર રહે તેમ પારવણી કરવી.

ખાતર વ્યવસ્થાપન :- જમીન ચકાસણી પછી ભલામણ પ્રમાણે ખાતર આપવું જોઈએ. ઉનાળુ તલમાં વાવેતર પહેલા પ્રતિ હેકટર દીઠ ૧૦ ટન છાણીયું ખાતર જમીન તૈયાર કરતી વખતે જમીનમાં ભેળવી દેવું. રાસાયણિક ખાતરમાં ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન, ૨૫ કિલોગ્રામ ફોસ્ફરસ અને ૪૦ કિલોગ્રામ પોટાશ (૫૪ કિ.ગ્રા. ડીએપી, ૭૬ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ અને ૬૭ કિ.ગ્રા. મ્યુરેટ ઓફ પોટાશ) વાવણી વખતે જમીનમાં ચાસમાં ઓરીને આપવું. વાવેતર પછી પાક એકાદ મહિનાનો થાય ત્યારે જમીનમાં પૂરતો ભેજ હોય તો બાકીનો ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન (૫૪ કિ.ગ્રા. યુરિયા) પૂર્તિ ખાતર તરીકે આપવો. જમીનની લેબોરેટરી મુજબ ગંધક તત્વની ભલામણ કરવામાં આવે તો જીપ્સમના સ્વરૂપમાં આપવું.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

## જૈવિક મૂલ્યવર્ધન (બાયોફોર્ટીફાઈડ) ધરાવતી નવી જાતોની માહિતી

| ક્રમ | જૈવિક મૂલ્યવર્ધિત જાતનું નામ | મૂલ્યવર્ધન કરેલા તત્વો / હાનિકારક તત્વોના પ્રમાણમાં ઘટાડો |
|---|---|---|
| | ડાંગર અને ચોખા | |
| ૧ | સી આર ધાન – ૩૧૦ | પ્રોટીન (૧૦.૩%) પોલીશ કરેલા દાણામાં |
| ૨ | ડીડી આર ધાન – ૪૫ | ઝીંક (૨૨.૬ પીપીએમ) પોલીશ કરેલા દાણામાં |
| ૩ | ડીડી આર ધાન – ૪૮ | ઝીંક (૨૪.૦ પીપીએમ) પોલીશ કરેલા દાણામાં |
| ૪ | ડીડી આર ધાન – ૪૯ | ઝીંક (૨૫.૨ પીપીએમ) પોલીશ કરેલા દાણામાં |
| ૫ | ઝીંકો રાઈસ એમએસ | ઝીંક (૨૭.૪ પીપીએમ) પોલીશ કરેલા દાણામાં |
| ૬ | સીઆર ધન – ૩૧૧ (મુકુલ) | પ્રોટીન (૧૦.૧%) અને ઝીંક (૨૦.૧ પીપીએમ) પોલીશ કરેલા દાણામાં |
| ૭ | સીઆર ધન - ૩૧૧ (મુકુલ) | ઝીંક (૨૪.૯ પીપીએમ) પોલીશ કરેલા દાણામાં |
| | ઘઉં | |
| ૮ | ડબલ્યુબી-૦૨ | આયર્ન (૪૦.૦ પીપીએમ) અને ઝીંક (૪૨.૦) |
| ૯ | એચપીડબલ્યુ-૦૧ | આયર્ન (૪૦.૦ પીપીએમ) અને ઝીંક (૪૦.૬) |
| ૧૦ | પૂસા તેજસ (એચઆઈ) ડ્યુરમ | પ્રોટીન (૧૨.૦%), આયર્ન (૪૧.૧ પીપીએમ) અને ઝીંક (૪૨.૮) થી ભરપુર |
| ૧૧ | પૂસા ઉજાલા (એચઆઈ - ૧૬૦૫) | પ્રોટીન (૧૩.૦%) અને આયર્ન (૪૩.૦ પીપીએમ) |
| ૧૨ | એચડી – ૩૧૭૧ | ઝીંક (૪૭.૧ પીપીએમ) |
| ૧૩ | એચઆઈ-૮૭૭૭ (ડ્યુરમ) | આર્યન (૪૮.૭ પીપીએમ) અને ઝીંક (૪૩.૬ પીપીએમ) |
| ૧૪ | એમએસીએસ-૪૦૨૮ (ડ્યુરમ) | પ્રોટીન (૧૪.૭%), આયર્ન (૪૬.૧ પીપીએમ) અને ઝીંક (૪૦.૩ પીપીએમ) |
| ૧૫ | પીબીડબલ્યુ-૭૫૨ | પ્રોટીન (૧૨.૪%) |
| ૧૬ | પીબીડબલ્યુ-૭૫૭ | ઝીંક (૪૨.૩ પીપીએમ) |
| ૧૭ | કરન વંદના (ડીબીડબલ્યુ-૧૮૭) | આયર્ન (૪૩.૧ પીપીએમ) |
| ૧૮ | ડીબીડબલ્યુ – ૧૭૩ | પ્રોટીન (૧૨.૫%), ઝીંક (૪૦.૭ પીપીએમ) |
| ૧૯ | યુએએસ – ૩૭૫ | પ્રોટીન (૧૩.૮%) |
| ૨૦ | ડીડીડબલ્યુ – ૪૭ | પ્રોટીન (૧૨.૭%), આયર્ન (૪૦.૧ પીપીએમ) |
| ૨૧ | પીબીડબલ્યુ – ૭૭૧ | ઝીંક (૪૧.૪ પીપીએમ) |
| ૨૨ | એચઆઈ-૮૮૦૨ (ડયુરમ) | પ્રોટીન (૧૩.૦%) |
| ૨૩ | એચઆઈ – ૮૮૦૫ (ડયુરમ) | પ્રોટીન (૧૨.૮%), આયર્ન (૪૦.૪ પીપીએમ) |
| ૨૪ | એચડી-૩૨૪૯ | આયર્ન (૪૨.૫ પીપીએમ) |
| ૨૫ | એમએસીએસ – ૪૦૫૮ | પ્રોટીન (૧૪.૭%), આયર્ન (૩૯.૫ પીપીએમ) અને ઝીંક (૩૭.૮ પીપીએમ) |
| ૨૬ | એચડી – ૩૨૯૮ | પ્રોટીન (૧૨.૧%), આયર્ન (૪૩.૧ પીપીએમ) |
| ૨૭ | એચઆઈ – ૧૬૩૩ | પ્રોટીન (૧૨.૪%), આયર્ન (૪૧.૬ પીપીએમ) અને ઝીંક (૪૧.૧ પીપીએમ) |
| ૨૮ | ડીબીડબલ્યુ – ૩૦૩ | પ્રોટીન (૧૨.૧%) |
| ૨૯ | ડીડીડબલ્યુ – ૪૮ | પ્રોટીન (૧૨.૧%) |
| | મકાઈ | |
| ૩૦ | વિવેક ક્યુપીએમ – ૯ | લાઈસીન (કુલ પ્રોટીનના ૪.૧૯%) અને ટ્રીપ્ટોફેન (કુલ પ્રોટીનના ૦.૮૩%) |
| ૩૧ | સુધારેલ પૂસા એચએમ – ૪ | લાઈસીન (કુલ પ્રોટીનના ૩.૬૨%) અને ટ્રીપ્ટોફેન (કુલ પ્રોટીનના ૦.૯૧%) |
| ૩૨ | સુધારેલ પૂસા એચએમ – ૮ | લાઈસીન (કુલ પ્રોટીનના ૪.૧૮%) અને ટ્રીપ્ટોફેન (કુલ પ્રોટીનના ૧.૦૬%) |
| ૩૩ | સુધારેલ પૂસા એચએમ – ૯ | લાઈસીન (કુલ પ્રોટીનના ૨.૯૭%) અને ટ્રીપ્ટોફેન (કુલ પ્રોટીનના ૦.૬૮%) |
| ૩૪ | સુધારેલ વિવેક ક્યુપીએમ – ૯ | પ્રો-વિટામિન (૮.૧૫ પીપી એમ), લાઈસીન (કુલ પ્રોટીનના ૨.૬૭%) અને ટ્રીપ્ટોફેન (કુલ પ્રોટીનના ૦.૭૪%) |
| ૩૫ | સુધારેલ વીએચ – ૨૭ | પ્રો – વિટામિન (૫.૪૯ પીપીએમ) |
| ૩૬ | સુધારેલ એચક્યુપીએમ – ૫ | પ્રો – વિટામિન (૬.૭૭ પીપીએમ), લાઈસીન (કુલ પ્રોટીનના ૪.૨૫%) અને ટ્રીપ્ટોફેન (કુલ પ્રોટીનના ૦.૯૪%) |
| ૩૭ | સુધારેલ પૂસા એચક્યુપીએમ – ૭ | પ્રો – વિટામિન (૭.૧૦ પીપીએમ), લાઈસનિ (કુલ પ્રોટીનના ૪.૧૯%) અને ટ્રીપ્ટોફેન (કુલ પ્રોટીનના ૦.૯૩%) |
| ૩૮ | આઈક્યુએચએમ-૨૦૧ (એલક્યુએમએચ ૦ ૧) | લાઈસીન (કુલ પ્રોટીનના ૩.૦૩%) અને ટ્રીપ્ટોફેન (કુલ પ્રોટીનના ૦.૭૩%) |
| ૩૯ | આઈક્યુએચએમ – ૨૦૨ (એલક્યુએમએચ-૨) | લાઈસીન (કુલ પ્રોટીનના ૩.૦૪%) અને ટ્રીપ્ટોફેન (કુલ પ્રોટીનના ૦.૬૬%) |
| ૪૦ | આઈક્યુએમએચ – ૨૦૩ (એલક્યુએમએચ-૩) | લાઈસીન (કુલ પ્રોટીનના ૩.૪૮%) અને ટ્રીપ્ટોફેન (કુલ પ્રોટીનના ૦.૭૭%) |
| | બાજરી અને બાજરા | |
| ૪૧ | એચએચબી – ૨૯૯ | આયર્ન (૭૩.૦ પીપીએમ) અને ઝીંક (૪૧.૦ પીપીએમ) |
| ૪૨ | એએચબી ૧૨૦૦ એફ ઈ | આયર્ન (૭૩.૦ પીપીએમ) |
| ૪૩ | એએચબી ૧૨૬૯ એફ ઈ | આયર્ન (૯૧.૦ પીપીએમ) અને ઝીંક (૪૩.૦ પીપીએમ) |
| ૪૪ | એબીવી – ૦૪ | આયર્ન (૭૦.૦ પીપીએમ) અને ઝીંક (૬૩.૦ પીપીએમ) |
| ૪૫ | ફૂલે મહાશકતિ | આયર્ન (૮૭.૦ પીપીએમ) અને ઝીંક (૪૧.૦ પીપીએમ) |
| ૪૬ | આરએચબી – ૨૩૩ | આયર્ન (૮૩.૦ પીપીએમ) અને ઝીંક (૪૬.૦ પીપીએમ) |
| ૪૭ | આરએચબી – ૨૩૪ | આયર્ન (૮૪.૦ પીપીએમ) અને ઝીંક (૪૬.૦ પીપીએમ) |
| ૪૮ | એચએચબી – ૩૧૧ | આયર્ન (૮૩.૦ પીપીએમ) |
| ૪૯ | વીઆર – ૯૨૯ (વેગાવથી) | આયર્ન (૧૩૧.૮ પીપીએમ) |
| ૫૦ | સીએફએમવી – ૧ (ઈંદ્રાવતી) | કેલ્શિયમ (૪૨૮ મિ.ગ્રા. / ૧૦૦ ગ્રામ) |
| ૫૧ | સીએફએમવી – ૨ | કેલ્શિયમ (૪૫૪ મિ.ગ્રા. / ૧૦૦ ગ્રામ), આયર્ન (૩૯.૦ પીપીએમ) અને ઝીંક (૨૫.૦ પીપીએમ) |
| | સામો | |
| ૫૨ | સીએલએમવી-૧ | આયર્ન (૫૯.૦ પીપીએમ) અને ઝીંક (૩૫.૦ પીપીએમ) |

# અદ્યતન કૃષિ ટેકનોલોજી - પ્રિસિઝન ફાર્મિંગ

પ્રવર્તમાન સમયમાં ખેતરની જરૂરિયાતને ધ્યાનમાં લીધા સિવાય આપવામાં આવતા પિયત, ખાતર, જંતુનાશક, નિંદામણ વગેરેની એકસરખી કૃષિ ઉત્પાદન સામગ્રી આપવાના કારણે પરિબળની ઉત્પાદકતા ઘટી રહી છે. વધુમાં પર્યાવરણને નોંધપાત્ર નુકસાન થયું છે. પ્રિસિઝન ફાર્મિંગનો મુખ્ય ઉત્પાદક સામગ્રી (પાણી-ખાતર-કીટનાશક વગેરે)ના ઉપયોગમાં ઘટાડો કરી વધુ ઉત્પાદન મેળવવાનું છે. પ્રિસિઝન, ફાર્મિંગમાં સ્થાનિક પર્યાવરણનો ચોકસાઈપૂર્વક ક્યાસ કાઢવા કોમ્પ્યુટર, ગ્લોબલ પ્રોઝીશનિંગ સિસ્ટમ (જીપીએસ) અને રિમોટ સેન્સિંગ ડીવાઈસનો ઉપયોગ કરી એ નક્કી કરવામાં આવે છે કે, સ્થાનિક સમસ્યા અને કુદરતમાં પાકને મહત્તમ કાર્યક્ષમતાએ ઉગાડવો. આ ખેત પદ્ધતિ દ્વારા ચોક્કસ માહિતી ખેડૂતોને યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થશે.

પ્રિસિઝન ફાર્મિંગ વિકાસ માપની તાંત્રિકતામાં નવીન સમાવેશ સુધારો કરી ક્ષેત્રવ્યવસ્થાપનને તે એક નવીન ઓળખ આપે છે, જેમાં કોમ્પ્યુટિંગ સાથે ઈલેક્ટ્રોનિકનો સમન્વય કરવામાં આવે છે. પ્રિસિઝન ફાર્મિંગ સામાન્ય રીતે પ્રિસ્ક્રિપ્શન ફાર્મિંગ, સાઈટ સ્પેસિફિક ફાર્મિંગ, બદલાતા દરે તાંત્રિકતા, સ્માર્ટ ફાર્મિંગ, સ્થાનિકના- ચોક્કસ ક્ષેત્રિય વ્યવસ્થા અને સ્પેશિયલી વેરીએબલર ફાર્મિંગ એમ વિવિધ નામે ઓળખાય છે.

**પ્રિસિઝન ફાર્મિંગના હેતુઓ :**

(૧) ઉત્પાદન કાર્યક્ષમતા વધારવી (૨) પેદાશની ગુણવત્તા સુધારવી (૩) સાધન સામગ્રીનો વધુ કાર્યક્ષમ ઉપયોગ (૪) પ્રાકૃતિક સંસાધનોનું ડીગ્રેડેશન ઘટાડવું (૫) ઊર્જા બચાવ / સંરક્ષણ (૬) જમીન અને પાણીનું સંરક્ષણ

**પ્રિસિઝન ફાર્મિંગના મૂળભૂત ઘટકો :**

(૧) વિવિધતાને સમજવી અને માપન (૨) ખેતરમાં ચોક્કસ સ્થાનિક વિવિધતાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તેને જરૂરી ઈનપુટ્સ સામગ્રીનું વ્યવસ્થાપન (૩) સ્થાનિક ચોક્કસ પદ્ધતિની કાર્યક્ષમતા કાર્યદક્ષતાનું માપન.

**પ્રિસિઝન ફાર્મિંગના ગુરૂચાવીરૂપ ત્રણ તત્વો :**

**(૧)માહિતી** : પાકની વાવણીથી કાપણી સુધીની દરેક અવસ્થા પ્રમાણે સમયસર અને ચોક્કસ માહિતીની આવશ્યકતા છે.

**(૨) તાંત્રિકતા** : વર્તમાન-નવીન તાંત્રિકતા જેવી કે સંગણક (કોમ્પ્યુટર) જે આંકડાની ગોઠવણી અને વ્યવસ્થાપન માટે વધુ અસરકારક છે.

**(૩) વ્યવસ્થા** : ઉપલબ્ધ માહિતી અને તાંત્રિકતાનો સમન્વય કરવો.

**પ્રિસિઝન ફાર્મિંગ માટે તાંત્રિકતા :**

**(૧) કોમ્પ્યુટર** : પ્રિસિઝન ફાર્મિંગ માટે ખાસ જરૂરી અને ઉપયોગી કોમ્પ્યુટર છે જેના દ્વારા અસંખ્ય આંકડાકીય માહિતીનું ખૂબ જ ઓછા સમયમાં પૃથક્કરણ કરી જરૂરી દિશાસૂચન કરવામાં મદદરૂપ થાય છે.

**(૨) ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (જીપીએસ)** : આ તાંત્રિકતા વડે કૃષિ ઉત્પાદનમાં પાકનો વિવિધ અવસ્થાઓએ પૃથ્વીની સ્થિતિની માહિતી મેળવી શકાય છે જેનાથી પ્રિસિઝન ફાર્મિંગમાં કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન મળે છે. (ક્રમશ:)

ડો. આર.કે. કલારિયા અને ડો. એસ.એસ. પાટીલ
૧. અસ્પી શકીલમ બાયોટેક્નોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત-૩૯૫ ૦૦૭
૨. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, ભરુચ -૩૯૨ ૦૧૨

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

# જર્મનીના મ્યુનિકમાં ઈરાનના સમર્થન માટે ૨૫ હજારથી વધુ લોકોની વિશાળ રેલી

નવી દિલ્હી,તા.૧૫




જર્મનીના મ્યુનિક શહેરમાં આયોજિત મ્યુનિક સમિટ દરમિયાન આશરે ૨૫૦,૦૦૦ લોકો એકત્ર થયા અને ઈરાનના લોકોને સમર્થન આપવા વિશ્વ નેતાઓને અપીલ કરી. આ પ્રદર્શન ઈરાનના દેશનિકાલ કરાયેલા ક્રાઉન પ્રિન્સ રેઝા પહલવીની અપીલ બાદ યોજાયું હતું. તેમણે ''ગ્લોબલ ડે ઓફ એક્શન'' તરીકે આહ્વાન કરીને તેહરાન પર આંતરરાષ્ટ્રીય દબાણ વધારવાની માંગ કરી હતી. પ્રદર્શનકારીઓએ ઢોલના તાલ સાથે શાસન પરિવર્તનના નારા લગાવ્યા અને ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પહેલાં વપરાતા સિંહ અને સૂર્ય ચિહ્નવાળા ધ્વજ લહેરાવ્યા.

રેલીમાં ''ઈરાન માટે લોકશાહી'' અને ''ઈરાન માટે પહલવી'' જેવા સૂત્રો ગૂંજ્યા. ઘણી જગ્યાએ લાલ ટોપીઓ પણ દેખાઈ, જે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોની ટોપીઓ જેવી હતી. કેટલાક સમર્થકોએ પહલવીને ભવિષ્યના નેતા તરીકે રજૂ કર્યા. ટોરોન્ટો અને અન્ય શહેરોમાં પણ મોટા પ્રમાણમાં લોકો જોડાયા હોવાનું સ્થાનિક સત્તાવાળાઓએ જણાવ્યું.

# મહારાષ્ટ્રમાં ટીપુ સુલતાન-શિવાજી મહારાજની સરખામણી મુદ્દે રાજકીય ઘમાસાણ

નવી દિલ્હી,તા.૧૫



મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકલ ઉખ્ખક છત્રપતિ શિવાજી મહારાજ અને ટીપુ સુલતાન વચ્ચે કરાયેલી સરખામણીને કારણે રાજ્યમાં રાજકીય વાતાવરણ તંગ બન્યું છે. નિવેદન બાદ વિવિધ શહેરોમાં વિરોધ પ્રદર્શન શરૂ થયા છે. કોંગ્રેસના નેતા સચિન સાવંતએ ભાજપ પર આકરા પ્રહાર કરતા આરોપ લગાવ્યો કે પક્ષ બેવડા ધોરણો અપનાવી રહ્યો છે અને વિભાજનકારી રાજકારણ કરી રહ્યો છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ સરખામણીને અયોગ્ય ગણાવી અને કહ્યું કે આવા નિવેદન બદલ કોંગ્રેસ નેતાએ શરમ અનુભવવી જોઈએ. સાવંતે દાવો કર્યો કે ભૂતકાળમાં ભાજપના કેટલાક નેતાઓએ ટીપુ સુલતાનના નામે હોલ અને રસ્તાના નામકરણને સમર્થન આપ્યું હતું. તેમણે કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી એસ. યેદિયુરપ્પા અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના ભાષણોના ઉલ્લેખ પણ કર્યો. સપકલનું કહેવું છે કે ટીપુ સુલતાન પણ અંગ્રેજો સામે લડ્યા હતા, જેમ શિવાજી મહારાજ લડ્યા હતા. જોકે, ઐતિહાસિક અભિપ્રાયો ટીપુ સુલતાન અંગે વિભાજિત છે.

# મહાશિવરાત્રી નિમિત્તે મહાકાલ અને કાશી વિશ્વનાથ મંદિરમાં ભક્તોની ભીડ

ઉજ્જૈન,તા.૧૫



મહાશિવરાત્રી નિમિત્તે દેશભરના શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી. કાશી વિશ્વનાથ મંદિર અને મહાકાલેશ્વર મંદિર ખાતે ખાસ પૂજા અને ભસ્મ આરતી યોજાઈ. ઉજ્જૈનમાં વહેલી સવારે પંચામૃત અભિષેક બાદ ભસ્મ આરતી કરવામાં આવી હતી. અંદાજે ૧૦ લાખ ભક્તોએ દર્શન કર્યા હોવાનું માનવામાં આવે છે. મહાકાલ મંદિરના દ્વાર ૪૪ કલાક સુધી ખુલ્લા રાખવામાં આવ્યા હતા. ભક્તોએ 'બમ બમ ભોલે'ના નારા સાથે ભાવભક્તિ વ્યક્ત કરી. મહાશિવરાત્રી પ્રસંગે મહાકાલને ચંદન, હળદર અને ભાંગથી શણગારવામાં આવ્યા અને વિશેષ આરતી અર્પણ કરવામાં આવી. આ પાવન દિવસે દેશભરમાં ભક્તિમય વાતાવરણ છવાયું હતું.

# ઉત્તર પ્રદેશના અમરોહામાં કાવડિયાઓ પર પથ્થરમારો, ૨૯ સામે કેસ નોંધાયા

અમરોહ,તા.૧૫



તસવીર : પ્રતિકાત્મક

ઉત્તર પ્રદેશના અમરોહા શહેરના મોહલ્લા છેવડામાં કાવડિયાઓના જૂથ પર પથ્થરમારાની ઘટનાથી તણાવ ફેલાયો છે. પોલીસે ૨૯ લોકો સામે એફઆઈઆર નોંધાવી છે, જેમાં ચાર નામજોગ અને ૨૫ અજાણ્યા આરોપીઓનો સમાવેશ થાય છે. ઘટનાને પગલે હિન્દુ સમુદાયના સભ્યો અને ભાજપ કાર્યકરો પોલીસ સ્ટેશન પર એકત્ર થયા અને હોબાળો કર્યો. માહિતી મુજબ, હરિદ્વારથી જળ લાવી પરત ફરેલા ભક્તો શિવ મંદિરે રોકાયા હતા અને ડીજે પર ભજન-કીર્તન કરી રહ્યા હતા. આ દરમિયાન બીજા સમુદાયના કેટલાક યુવાનો સાથે બોલાચાલી થતાં ઝઘડો વધ્યો અને પથ્થરમારો થયો. પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે વધારાની પોલીસ ફોર્સ બોલાવવામાં આવી. પથ્થરમારામાં કોન્સ્ટેબલ શોએબ રઝા ખાન સહિત કેટલાક ભક્તો ઘાયલ થયા. એસપી અમિત કુમાર આનંદએ જણાવ્યું કે ફરિયાદના આધારે ઈમરાન, મુકીમ, યુનુસ અલી, મોહમ્મદ ઝાહિદ સહિત અન્ય સામે કેસ નોંધાયો છે અને ત્રણ આરોપીની ધરપકડ થઈ છે.

# બાંગ્લાદેશમાં તારીક રહેમાનના શપથ ગ્રહણમાં ઓમ બિરલા હાજર રહેશે

નવી દિલ્હી,તા.૧૫



બાંગ્લાદેશમાં બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પક્ષની ઐતિહાસિક જીત બાદ પ્રમુખ તારીક રહેમાનના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ શરૂ થઈ છે. બાંગ્લાદેશે સમારોહ માટે નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું હતું, પરંતુ તેઓ હાજરી આપશે નહીં. તેમની જગ્યાએ ઓમ બિરલા ૧૭ ફેબ્રુઆરીએ ઢાકા પહોંચશે. સમારોહ રાષ્ટ્રીય સંસદ ભવન ખાતે યોજાશે અને અનેક દેશોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

ચૂંટણીઓમાં બીએનપીએ બહુમતી મેળવી હતી. મોદીએ સોશિયલ મીડિયા પર રહેમાનને અભિનંદન પાઠવ્યા અને દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનાવવા ઈચ્છા વ્યક્ત કરી.

# મહારાષ્ટ્ર નગરપાલિકા ચૂંટણીમાં શિવસેનાના નબળા પ્રદર્શન બાદ સંગઠનમાં ફેરફારની ચર્ચા

મુંબઈ,તા.૧૫



મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની તાજેતરની ચૂંટણીમાં શિવ સુનાને અપેક્ષિત સફળતા મળી નથી, જેના કારણે રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. ખાસ કરીને મરાઠવાડા અને પશ્ચિમ મહારાષ્ટ્રની કેટલીક નગરપાલિકાઓમાં પાર્ટીનું પ્રદર્શન નબળું રહ્યું હોવાનું કહેવામાં આવે છે. પક્ષના વડા અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેઆ પરિસ્થિતિને ગંભીરતાથી લઈ રહ્યા છે. અહેવાલો મુજબ, નબળું પ્રદર્શન કરનારા મંત્રીઓ સામે કાર્યવાહી થઈ શકે છે અને સંગઠનને મજબૂત બનાવવાના હેતુથી નવા ચહેરાઓને તક આપવામાં આવી શકે છે. મહાયુતિ ગઠબંધનમાં ભારતીય જનતા પાર્ટીએ સારા પરિણામો મેળવ્યા છે, જ્યારે અન્ય સાથી પક્ષોની તુલનામાં શિવસેનાનું પ્રદર્શન મિશ્ર રહ્યું છે. મુંબઈ અને થાણે જેવા વિસ્તારો સિવાય અન્ય અનેક નગરપાલિકાઓમાં અપેક્ષિત સફળતા મળી નથી. પક્ષ સૂત્રોના મતે, જવાબદારી નક્કી કરી સંગઠનમાં ફેરફાર શક્ય છે.

# પશ્ચિમ બંગાળમાં નકલી મતદારો મુદ્દે અધિકારીઓ સામે કાર્યવાહીનો આદેશ

કોલકત્તા,તા.૧૫



પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં નકલી નામોના સમાવેશના આરોપોને લઈને ભારતીય ચૂંટણી પંચે કડક વલણ અપનાવ્યું છે. પંચે રાજ્ય સરકારને ચાર ચૂંટણી અધિકારીઓ સામે ૧૭ ફેબ્રુઆરી સુધી એફઆઈઆર દાખલ કરવાની સમયમર્યાદા આપી છે. કહેવાય છે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન અનિયમિતતાઓના પુરાવા મળ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, વારંવાર યાદ અપાવ્યા છતાં કાર્યવાહી ન થતાં પંચે અંતિમ તારીખ નક્કી કરી. આ મામલે દક્ષિણ ૨૪ પરગણા અને પૂર્વ મિદનાપુર જિલ્લાના અધિકારીઓના નામ સામે આવ્યા છે. અગાઉ પણ પંચે તેમને સસ્પેન્ડ કરીને કાયદેસરની કાર્યવાહી કરવાની ભલામણ કરી હતી. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ અગાઉ આ પગલાની ટીકા કરી હતી અને પંચ પર રાજકીય દબાણમાં કામ કરવાનો આરોપ લગાવ્યો હતો. હાલ રાજ્ય સરકાર શું પગલું ભરે છે તે અંગે રાજકીય વર્તુળોમાં ઉત્સુકતા છે.

# ધોરાજીમાં 'તેરા તુજકો અર્પણ': લોક દરબારમાં પોલીસે અરજદારોને રૂ.૭.૫૦ લાખ અને ૧૦ મોબાઈલ પરત અપાવ્યા

ધોરાજી, તા.૧૫




તસવીર : નયન કુહાડીયા

ધોરાજી પોલીસ ડિવિઝન વિસ્તારના સિટી પોલીસ સ્ટેશનના વડા વિજયસિંહ ગુર્જરે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત સાયબર ક્રાઈમ તેમજ છેતરપિંડીનો ભોગ બનેલા અરજદારના સાડા સાત લાખ રૂપિયા જેવી માતબર રકમ આપવામાં આવી હતી. આ ઉપરાંત દોઢ લાખની કિંમતના ૧૦ જેટલા ખોવાયેલા અને ચોરાયેલા મોબાઈલ પોલીસે ટેકનોલોજી દ્વારા શોધી અરજદારોને પરત મેળવી આપ્યા હતા.જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે પોતાના ઉદ્‌બોધનમાં જણાવેલ કે હેલ્મેટ પહેર્યા વિનાના અકસ્માતોમાં એક વર્ષમાં જિલ્લા વિસ્તારમાં ૧૫૦ થી વધારે લોકોના જીવ ગયા છે ત્યારે હેલ્મેટ પ્રત્યે અવેરનેસ રાખી પોતાના જીવની સુરક્ષા કરવાની જવાબદારી નાગરિકો સમજે.

# ઉલટ ભાષામાં પારંગત વિસાવદરના શિક્ષક જીજ્ઞેશભાઈ ચતુર્વેદી જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેરમાં પ્રથમ



વિસાવદર,તા.૧૫

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાની ભલગામ મોટા મિડલ સ્કૂલના શિક્ષક જીજ્ઞેશભાઈ એમ. ચતુર્વેદીએ ઈનોવેશન ફેરમાં ભાગ લઈ સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિ બદલ તેઓએ ઝોન લેવલે જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી તાલુકા અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

# ઉનાના ઓલવાણ ગામમાં વરરાજા હેલિકોપ્ટરમાં પરણવા આવ્યા: આકાશમાર્ગે આગમન થતાં લોકોના ટોળા ઉમટ્યા

ઉના, તા.૧૫



ઉના તાલુકાના ઓલવાણ ગામમાં પ્રથમ વખત વરરાજા હેલિકોપ્ટરમાં પરણવા આવતા સમગ્ર પંથકમાં કુતૂહલ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ભાવનગર જિલ્લાના તળાજાથી આવેલી આ જાનમાં વરરાજાનું અનોખું આગમન સ્થાનિકો અને સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યું છે.ગામના ઈતિહાસની આ પ્રથમ ઘટનાની વિગત મુજબ, ઓલવાણ ગામના રહેવાસી હીરા દેવાયત કછોટની પુત્રી અવનીના લગ્ન તળાજાના ગીગા કાદુ ભાદરકાના પુત્ર ઘનશ્યામ સાથે નિર્ધારિત થયા હતા. લગ્ન પ્રસંગે જાનૈયાઓ અન્ય વાહનો મારફતે ઓલવાણ પહોંચ્યા હતા, જ્યારે વરરાજા ઘનશ્યામ ખાસ હેલિકોપ્ટર ભાડે કરીને પરણવા માટે આવ્યા હતા. વરરાજાના આગમન માટે ગામથી થોડે દૂર એક ખેતરમાં ખાસ હેલિપેડ તૈયાર કરવામાં આવ્યુ હતુ. હેલિકોપ્ટર આકાશમાં દેખાતા જ હેલિપેડ પાસે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

# ગોંડલ પોલીસની ટ્રાફિકનું ઉલ્લંઘન કરનારાઓ સામે લાલ આંખ: આડેધડ પાર્ક કરેલા વાહનોને વ્હીલ લોક

ગોંડલ, તા.૧૫



તસવીર : ભોજાની દેવાંગ

ગોંડલ સિટી એ ડિવિઝન પોલીસે શહેરના મુખ્ય માર્ગો પર વધતી ટ્રાફિક સમસ્યાને નિયંત્રિત કરવા સઘન કાર્યવાહી હાથ ધરી હતી.

ટ્રાફિકથી ધમધમતા માંડવી ચોક, મોટી બજાર અને જેલ ચોક સહિતના વિસ્તારોમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી અડચણરૂપ રીતે પાર્ક કરાયેલા વાહનો સામે પોલીસે કડક પગલાં લીધાં.આ કાર્યવાહી દરમિયાન શહેરમાં આડેધડ તેમજ નો-પાર્કિંગ ઝોનમાં પાર્ક કરાયેલા વાહનોને વ્હીલ લોક કરવામાં આવ્યા. પોલીસે વાહનચાલકોને સ્થળ પર જ દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી કરી.

ઉપરાંત, અનેક વાહનોના કાચ પરથી બ્લેક ફિલ્મ દૂર કરી સંબંધિત ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરાઈ. ગોંડલ પોલીસે આડેધડ પાર્કિંગ કરનાર લોકોને કડક ચેતવણી આપી છે કે જાહેર માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે વાહન પાર્ક ન કરવા. અન્યથા પોલીસની આકરી કાર્યવાહીનો સામનો કરવો પડશે. શહેરમાં ટ્રાફિક શિસ્ત જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા વાહનચાલકોને નિયમોનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે.

# ઉનાના સનખડા કુમાર શાળાના કમ્પાઉન્ડમાંથી ઝેરી મધપૂડો દૂર કરાયો: વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાશકારો

ઉના,તા.૧૫



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના તાલુકાના સનખડા ગામની કુમાર પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં આવેલા એક ઝાડ પરથી ઝેરી મધપૂડો દૂર કરવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓએ મોટી રાહત અનુભવી છે. શાળાના ઝાડ પર ઝેરી મધમાખીઓનો મધપૂડો હોવાથી દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ શાળાએ આવતા ડરતા હતા અને વાલીઓમાં પણ ભયનો માહોલ હતો. આ પરિસ્થિતિને કારણે મધપૂડાને તાત્કાલિક દૂર કરવો જરૂરી બન્યો હતો. આ અંગે શાળાના આચાર્ય અને વાલીગણે ગામના સરપંચ રવિરાજસિંહ રાઠોડ, સામાજિક કાર્યકર ગંભીરસિંહ ગોહિલ, સતિષભાઈ ડી. ગોહિલ અને મધ્યાહન ભોજન કર્મચારી જયેશભાઈ પંડ્યાને રજૂઆત કરી હતી. ઝેરી મધમાખીઓને કારણે દિવસે કામગીરી કરવી મુશ્કેલ હોવાથી સરપંચ દ્વારા રાત્રિના સમયે મધપૂડો દૂર કરવાનો નિર્ણય લેવાયો હતો. ભરતભાઈ પુનાભાઈ દ્વારા ટેન્કર અને ટ્રેક્ટરની વ્યવસ્થા કરવામાં આવી હતી. સામાજિક કાર્યકરો અને ગામના સેવાભાવી યુવાનોની મદદથી અડધા કલાકની જહેમત બાદ આ ઝેરી મધપૂડાને સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યો હતો.

**સોમનાથ મંદિરના દ્વાર સતત ૪૨ કલાક સુધી દર્શન માટે ખુલ્લા રાખવાનો નિર્ણય લેવાયો**

# 'હર હર મહાદેવ'ના નાદ સાથે રાજ્યભરના શિવાલયોમાં શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર

અમદાવાદ, તા.૧૫

દેવોના દેવ મહાદેવની આરાધનાના પર્વ મહાશિવરાત્રિની આજે સમગ્ર ગુજરાતમાં આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના ખૂણેખૂણે આવેલા નાના-મોટા શિવાલયો 'બમ બમ ભોલે' અને 'હર હર મહાદેવ'ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યા હતા. ભક્તોએ વહેલી સવારથી જ શિવલિંગ પર જલાભિષેક, દૂધ-પંચામૃત અભિષેક અને બીલીપત્ર અર્પણ કરી ધન્યતા અનુભવી હતી. શિવ ભક્તિના આ મહાઉત્સવ નિમિત્તે વિશ્વપ્રસિદ્ધ પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ મહાદેવ ખાતે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનું મહેરામણ ઉમટી પડ્યું છે. 'જય સોમનાથ' અને 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે સોમનાથની પવિત્ર ભૂમિ શિવમય બની છે. માત્ર સોમનાથ જ નહીં, પરંતુ ગોંડલના મુક્તેશ્વર મહાદેવ ખાતે યોજાયેલી ભવ્ય ભસ્મ આરતીથી લઈને મહેસાણા અને ભાવનગરના શિવાલયો સુધી સર્વત્ર ભક્તોની લાંબી કતારો જોવા મળી રહી છે. ભક્તોની આસ્થાને ધ્યાનમાં રાખીને સોમનાથ મંદિરના દ્વાર સતત ૪૨ કલાક સુધી દર્શન માટે ખુલ્લા રાખવાનો નિર્ણય લેવાયો છે, જે ૧૬ ફેબ્રુઆરીની



વહેલી સવારની આરતી સાથે સંપન્ન થશે. અમદાવાદ શહેર આજે સંપૂર્ણપણે શિવમય બન્યું હતું. જાણીતા ચકોડીયા મહાદેવ મંદિર ખાતે બારે શિવલિંગના દર્શન માટે શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. મંદિરને આકર્ષક રોશની અને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. આ ઉપરાંત, નિર્ણયનગરના રામેશ્વર મહાદેવ, કામેશ્વર મહાદેવ અને પારમેશ્વર મહાદેવ મંદિરોમાં પણ ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. મોડી રાત સુધી શિવાલયોમાં ચાર પ્રહરની પૂજા, રુદ્રાભિષેક અને ભજન-કીર્તનનો દૌર ચાલુ રહ્યો હતો. બીજી તરફ, જૂનાગઢના ગિરનારની તળેટીમાં ભવનાથ મહાદેવના મેળાનો આજે અંતિમ દિવસ હતો. શાહી રવેડી અને મૃગી કુંડમાં શાહી સ્નાન સાથે મેળાની પૂર્ણાહુતિ થઈ હતી. મુખ્યમંત્રીએ પણ ભવનાથમાં મહાદેવના દર્શન કરી રાજ્યની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. સંસ્કારી નગરી વડોદરામાં સુવર્ણ જડિત શિવ પરિવારની ભવ્ય નંદી સવારી કાઢવામાં આવી હતી. મહિલાઓ દ્વારા તલવારબાજીના કરતબો અને શંખનાદ સાથે આ યાત્રા રણમુક્તેશ્વર મહાદેવ સુધી પહોંચી હતી, જેનું સમાપન સુરસાગર સ્થિત સર્વેશ્વર મહાદેવની મહાઆરતીથી થયું હતું. રાજકોટમાં પૌરાણિક રામનાથ મહાદેવ અને જાગનાથ મહાદેવ મંદિરે હજારોની મેદની ઉમટી હતી.

## મહુડી તીર્થ વિવાદ : ૮ ટ્રસ્ટીઓએ સોનાની હેરાફેરીના આક્ષેપો ફગાવ્યા, કાનૂની કાર્યવાહીની ચીમકી

અમદાવાદ, તા.૧૫

મહુડી જૈન તીર્થના સંચાલન અંગે ચાલી રહેલો વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. ૮ ટ્રસ્ટીઓએ પત્રકાર પરિષદ યોજી ૬૫ કિલો સોનાની હેરાફેરીના આક્ષેપોને સખત શબ્દોમાં નકારી દીધા છે. ટ્રસ્ટીઓએ સ્પષ્ટતા કરી કે સુવર્ણીકરણ માટે ખરીદાયેલ સોનાના કાયદેસર બિલો અને ૨૦૧૭થી ૨૦૨૫ સુધીના ઓડિટેડ રિપોર્ટ ઉપલબ્ધ છે. ટ્રસ્ટીઓના જણાવ્યા અનુસાર, અગાઉ ગેરરીતિ બદલ સભ્યપદેથી બરતરફ કરાયેલા તત્વો બદલો લેવા માટે ટ્રસ્ટની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી રહ્યા છે.

લોકર ખોલવા માટે ત્રણ ચાવીઓ અનિવાર્ય હોવાથી એક વ્યક્તિ દ્વારા ચોરી અશક્ય છે. ટ્રસ્ટીઓએ પડકાર ફેંક્યો છે કે જો ૧ ગ્રામ સોનાની પણ ગેરવહીવટ સાબિત થાય તો તેઓ રાજીનામું આપશે અને ખોટા આક્ષેપ કરનારાઓ સામે બદનક્ષીનો દાવો કરશે.

## ગઢડાના ઘેલો નદીના રમાઘાટ ડેમ પાસે યુવકનું ડૂબી જવાથી મૃત્યુની આશંકા

ગઢડા, તા.૧૫

ગઢડા નજીક ઘેલો નદીના રમાઘાટ ડેમ વિસ્તારમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. બનાવની જાણ થતાં ગઢડા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. મૃતદેહ ડેમની બાજુમાં આવેલા પાણીના ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.



**તપાસ દરમિયાન ઓળખ અમરેલી જિલ્લાના જાફરશા મહમદશા પઠાણ તરીકે થઈ**

શરૂઆતમાં મૃતક અજાણ્યો હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ પોલીસ તપાસ દરમિયાન તેની ઓળખ અમરેલી જિલ્લાના જાફરશા મહમદશા પઠાણ તરીકે થઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, યુવક ન્હાવા માટે પાણીમાં ઉતર્યો હતો અને અકસ્માતે ડૂબી જવાથી તેનું મૃત્યુ થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ શરૂ કરી છે.

## ગુજરાતમાં ૨૦ ફેબ્રુઆરી સુધી શુષ્ક હવામાનની આગાહી, તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નહિવત્

અમદાવાદ, તા.૧૫

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨૦ ફેબ્રુઆરી સુધી સમગ્ર ગુજરાતમાં વાતાવરણ મુખ્યત્વે શુષ્ક રહેશે. લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થવાની સંભાવના ન હોવાથી ગરમીમાં રાહત મળવાની શક્યતા ઓછી છે. હાલ ઉત્તર-પૂર્વીય પવનોને કારણે સવારે હળવી ઠંડક અને બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું છે કે ૧૭-૧૮ ફેબ્રુઆરી પછી પશ્ચિમી વિક્ષેપ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) સક્રિય થતા કચ્છ અને ઉત્તર ગુજરાતના વાતાવરણમાં પલટો આવી શકે છે. ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી અને સુરતમાં કમોસમી વરસાદની શક્યતા છે. વધતા ભેજને કારણે જીરા અને ઘઉંના પાકમાં રોગચાળાની ભીતિ હોવાથી ખેડૂતોને સાવચેત રહેવા સલાહ આપવામાં આવી છે.

## વડોદરા નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર કારની ટક્કરે દીપડાના મોતની ઘટના

વડોદરા, તા.૧૫

વડોદરા નજીક પાદરા વિસ્તારમાં દિલ્હી–મુંબઈ એક્સપ્રેસવે પર કારની અડફેટે એક દીપડાનું મોત થયાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, સુરત તરફથી આવતી કાર પૂરપાટ ઝડપે દોડી રહી હતી ત્યારે માર્ગ ઓળંગી રહેલા દીપડાને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે દીપડાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું અને કારના આગળના ભાગને ભારે



નુકસાન પહોંચ્યું. બનાવની જાણ થતા વનવિભાગના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. દીપડો વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ શિડ્યૂલ-૧માં આવતો પ્રાણી હોવાથી તેનું પોસ્ટમોર્ટમ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવ્યો અને કારચાલક સામે કાયદેસરની તપાસ શરૂ કરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ બાદ દીપડાને અગ્નિદાહ આપવામાં આવશે.

## જેતપુરના જેતલસર રેલવે પુલ પર ભયાનક અકસ્માત, યુવક-યુવતીના મોત : કારના બે કટકા થયા

જેતપુર, તા.૧૫

જેતપુર પાસે આવેલા જેતલસર જંકશન રેલવે પુલ પર આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જૂનાગઢમાં ભવ્ય મહાશિવરાત્રીના મેળામાંથી પરત ફરી રહેલી એક કાર પુલ પર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતા કમકમાટીભર્યા દ્રશ્યો સર્જાયા હતા. આ અથડામણ એટલી તીવ્ર હતી કે કારના બે



ટુકડા થઈ ગયા હતા. આ કરૂણ દુર્ઘટનામાં મુસ્કાન બગડા અને અરુણ વાળા નામના યુવક-યુવતીના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા છે. જ્યારે કારમાં સવાર અન્ય બે યુવકો, અમિત પરમાર અને જયદીપ ચૌહાણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. જેતપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા છે અને અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ કારની અતિશય ગતિ આ અકસ્માતનું મુખ્ય કારણ હોવાનું મનાઈ રહ્યું છે.






## સુરતમાં ભારે વાહનોનો આતંક : અલગ-અલગ અકસ્માતમાં બે મહિલાઓના કરૂણ મોત

સુરત, તા.૧૫

સુરત શહેરમાં બેફામ દોડતા ભારે વાહનો નિર્દોષ નાગરિકો માટે યમદૂત સમાન સાબિત થઈ રહ્યા છે. આજે શહેરના લસકાણા અને વેલંજા વિસ્તારમાં સર્જાયેલા બે ભયાનક અકસ્માતોમાં બે મહિલાઓએ જીવ ગુમાવ્યા છે, જેના કારણે સ્થાનિક પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લસકાણા વિસ્તારમાં બનેલી પ્રથમ ઘટનામાં, એક મહિલા પોતાના ભાઈ સાથે જઈ રહી હતી ત્યારે ડમ્પરની અડફેટે આવતા તેનું મોત નિપજ્યું હતું. મૃતક મહિલા પૌત્રીની સગાઈ પ્રસંગે કેનેડાથી ભારત આવ્યા હતા અને આગામી ૨૧ ફેબ્રુઆરીએ પુત્રી પાસે ઓસ્ટ્રેલિયા



જવાના હતા. અકસ્માત બાદ હાજર મહિલાઓએ માનવતા દાખવી પોતાની ઓઢણીની ઝોળી બનાવી ઈજાગ્રસ્ત મહિલાને હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમણે દમ તોડ્યો હતો. બીજી ઘટના વેલંજા વિસ્તારમાં બની હતી, જ્યાં એક્ટિવા પર સવાર બે મહિલાઓ ધલુડી મંદિરે દર્શન કરીને કાપોદ્રા તરફ પરત ફરી રહી હતી. આ દરમિયાન પૂરપાટ ઝડપે આવતા ડમ્પરે ટક્કર મારતા એક મહિલા ટાયર નીચે આવી ગઈ હતી અને તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું, જ્યારે અન્ય એક મહિલાને ઈજાઓ પહોંચી હતી.











